# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 15 | Issue : 440 | Dt. 26-09-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


### વિશ્વભરમાં ઓઈલ સંકટ વચ્ચે વળાંક

# USને હોર્મુઝ ખોલવા ઈરાનની ૭ દિ'ની ડેડલાઈન

## ઈરાન તણાવને આગળ વધારવા માંગતું નથી, પરંતુ ક્યારેય અમેરિકાના અન્યાયી દબાણ સામે ઝૂકશે પણ નહીંઃ ઈરાન રાષ્ટ્રપતિ મસુદ

નવી દિલ્હી, તા.૨૫

વિશ્વવ્યાપી ક્રૂડ ઓઈલ સંકટ વચ્ચે એક મોટો રાજકીય અને કૂટનીતિક વળાંક આવ્યો છે. ઈરાને અમેરિકા સમક્ષ હોર્મુઝ જળમાર્ગ ફરીથી ખોલવા અને છેલ્લા લગભગ ૭ મહિનાથી ચાલી રહેલા સંઘર્ષના કાયમી ઉકેલ માટે વાતચીત શરૂ કરવા ૭ દિવસની નવી યોજના રજૂ કરી છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું કે, તેહરાનની આ નવી દરખાસ્ત જૂન મહિનામાં થયેલા અગાઉના સમજુતી પત્ર જેવી જ છે, જે તે સમયે અમલમાં આવી શકી નહોતી.

ઈરાનના મધ્યસ્થીઓએ વ્હાઇટ હાઉસને પોતાની દરખાસ્ત સુપરત કરી દીધી છે. જો આ પ્રસ્તાવ સ્વીકારાય તો પર્શિયન ગલ્ફ અને ઓમાનની ખાડી વચ્ચેનો આ વ્યૂહાત્મક દરિયાઈ માર્ગ એક અઠવાડિયાની અંદર ફરી ખુલી શકે છે, જ્યાંથી દુનિયાનો આશરે પાંચમો ભાગ એટલે કે ૨૦% ઊર્જા પુરવઠો પસાર થાય છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દરમિયાન યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં અરાઘચીએ જણાવ્યું હતું કે, અમે મધ્યસ્થીઓ દ્વારા અમેરિકા સમક્ષ યોજના મૂકી છે. જો નક્કી કરેલી શરતો પૂર્ણ થાય તો ૭મા દિવસના અંતે હોર્મુઝ જળમાર્ગ ખુલી જશે અને બંને દેશો વચ્ચેની સત્તાવાર વાતચીત ફરી શરૂ થશે.

ઈરાની વિદેશ મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, તેહરાન કોઈ ઉતાવળમાં નથી, પરંતુ જો અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણી પહેલાં આ કરાર થઈ જાય તો તે વધુ હિતાવહ રહેશે. તેમણે જણાવ્યું કે, જે ક્ષણે અમેરિકન વહીવટીતંત્ર આ દરખાસ્તનો સ્વીકાર કરશે, તેના બીજા જ દિવસથી આ ૭ દિવસની સમયરેખા શરૂ થઈ જશે. જોકે આ નવી દરખાસ્તમાં પરમાણુ મુદ્દાઓનો સમાવેશ છે કે નહીં તે અંગે તેમણે કોઈ સ્પષ્ટતા કરી નથી. અમેરિકા ઈચ્છે છે




કે ઈરાન પરમાણુ હથિયારો વિકસાવવા પર કડક નિયંત્રણો સ્વીકારે, જ્યારે ઈરાન પોતાના નાગરિક પરમાણુ કાર્યક્રમને ચાલુ રાખવા પર મક્કમ છે.

વાતચીત સાથે સંકળાયેલા એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ જણાવ્યું હતું કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું વહીવટીતંત્ર મધ્યસ્થીઓ મારફતે હકારાત્મક અને રચનાત્મક ચર્ચા ચલાવી રહ્યું છે, પરંતુ અમેરિકા ઉતાવળિયું પગલું ભરવાના મૂડમાં નથી. તેમણે ઉમેર્યું કે હોર્મુઝ જળમાર્ગ પર સુરક્ષા નિયંત્રણ હોવાના કારણે અમેરિકા ખૂબ જ મજબૂત સ્થિતિમાં છે અને આ માર્ગ પરથી આશરે ૨૨ મિલિયન બેરલ તેલ પસાર થયું છે.

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન એ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતુ કે આ સંઘર્ષ ક્યારે સમાપ્ત થશે તેનો અંતિમ નિર્ણય અમેરિકાના હાથમાં છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે ઈરાન આ તણાવને આગળ વધારવા માંગતું નથી, પરંતુ તે ક્યારેય અમેરિકાના અન્યાયી દબાણ સામે ઝૂકશે પણ નહીં. યુદ્ધ સમાપ્ત કરવાના માર્ગોને લઈને બંને દેશો વચ્ચે હજુ પણ ઊંડા મતભેદો પ્રવર્તી રહ્યા છે.

### પ્રમુખ ટ્રમ્પનું કડક-નરમ વલણ

અમેરિકી પ્રમુખે તાજેતરમાં નિવેદન આપતાં જણાવ્યું હતું કે જો કરાર નહીં થાય તો ઈરાન સામે આકરા પગલાં લઈ શકાય છે, પરંતુ સાથે જ તેમણે ટૂંક સમયમાં સમજૂતી થવાની સંભાવના પણ વ્યક્ત કરી હતી. આ અગાઉ જૂનમાં પણ યુદ્ધવિરામનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો, કારણ કે તેહરાન તેને હોર્મુઝ પર પોતાના આધિપત્યની માન્યતા તરીકે રજૂ કરી રહ્યું હતું, જેને અમેરિકા અને તેના સહયોગી દેશોએ ફગાવી દીધું હતું.

# UNમાં નેતન્યાહૂનો ઉગ્ર વિરોધ

## માર્ગો પર ઊતર્યા હોલિવૂડ સ્ટાર્સ, પોલીસ સાથે અથડામણ

નવી દિલ્હી, તા.૨૫

ન્યુયોર્કમાં UNGA સત્ર દરમિયાન ઈઝરાયલના પ્રમુખ નેતન્યાહૂના સંબોધન સમયે ભારે વિરોધ પ્રદર્શનો થયા. 'જૂઈશ વોઈસ ફોર પીસ' દ્વારા આયોજિત દેખાવોમાં હોલિવૂડ અભિનેત્રી સુસાન સરંડન અને હન્ના આઇબાઈન્ડર સહિત અનેક પ્રદર્શનકારીઓની ધરપકડ કરાઈ. 'સ્ટોપ આર્મિંગ ઈઝરાયલ' જેવા બેનરો સાથે ગાઝા યુદ્ધ સામે રોષ ઠાલવવામાં આવ્યો. UNGAમાં પણ ઘણા દેશોના પ્રતિનિધિઓએ વોકઆઉટ કર્યો હતો.

સંયુકત રાષ્ટ્ર મહાસભા (ઞગઝ્રઅ)માં ઈઝરાયલના પ્રમુખ બેન્જામિન નેતન્યાહૂના સંબોધન દરમિયાન ન્યુયોર્ક શહેરમાં ભારે હોબાળો થયો હતો. નેતન્યાહૂના ભાષણ સમયે જ ગાઝા યુદ્ધ અને નીતિઓ સામે વિરોધ પ્રદર્શિત કરવા માટે રસ્તાઓ પર ઉતરેલા જાણીતા ચહેરાઓ અને પ્રદર્શનકારીઓ પર પોલીસે સકંજો કસ્યો હતો.





આ દરમિયાન જાણીતી હોલિવૂડ અભિનેત્રી સુસાન સરંડન અને 'હેક્સ' સિરીઝની અભિનેત્રી હન્ના આઇબાઈન્ડર સહિતના પ્રદર્શનકારીઓની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

યહૂદી શાંતિ સંગઠન 'જૂઈશ વોઈસ ફોર પીસ' દ્વારા આ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનકારીઓએ હાથમાં 'સ્ટોપ આર્મિંગ ઈઝરાયલ' અને 'એન્ડ ધ જેનોસાઇડ' જેવા સૂત્રો લખેલા બેનરો સાથે શહેરના મુખ્ય માર્ગો પર ઉગ્ર દેખાવો કર્યા હતા અને ધરણાં પર બેઠા હતા. તેમજ પ્રખ્યાત ફિલ્મ 'થેલમા એન્ડ લુઇસ' ફેમ અભિનેત્રી સુસાન સરંડનને પોલીસ હાથકડી પહેરાવતી જોવા મળી હતી, જ્યારે ન્યુયોર્ક પોસ્ટના અહેવાલ મુજબ હન્ના આઇબાઈન્ડરને પણ પોલીસે સ્થળ પરથી હટાવીને કસ્ટડીમાં લીધી હતી.

એક તરફ ન્યુયોર્કના રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું હતું, તો બીજી તરફ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્રની અંદર પણ નેતન્યાહૂના આગમન અને ભાષણ વખતે દુનિયાભરના દેશોના દર્શનો પ્રતિનિધિઓ સભાસ્થળ છોડીને વોકઆઉટ કરી ગયા હતા. પોતાના ભાષણ દરમિયાન નેતન્યાહૂએ બ્રિટન અને ફ્રાન્સ જેવા દેશો પર આકરા પ્રહાર કર્યા હતા, જેમણે તાજેતરમાં જ પેલેસ્ટાઈન દેશને માન્યતા આપી છે. તેમણે કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, આ દેશો નાના એવા ઈઝરાયલ પર સંસ્થાનવાદ (કોલોનિયાલિઝમ)નો આરોપ લગાવે છે, પરંતુ વાસ્તવમાં આ શબ્દની રચના કરનારાઓ જ બ્રિટન અને ફ્રાન્સના લોકો છે.

### અગાઉ પણ વિરોધ પ્રદર્શનોમાં સામેલ રહી ચૂકી છે સુસાન સરંડન

સુસાન સરંડન ગાઝામાં ચાલી રહેલા યુદ્ધ અને સંઘર્ષને લઈને અગાઉ પણ અનેક વખત જાહેરમાં વિરોધ પ્રદર્શનોમાં સક્રિયપણે ભાગ લેતી રહી છે. પોતાના બેબાક વિચારો અને રાજકીય મુદ્દાઓ પર સ્પષ્ટ મત રાખવા માટે જાણીતી આ અભિનેત્રીએ તાજેતરમાં જ વેનિસ ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન નિવેદન આપ્યું હતું કે પોતાના ખુલ્લા વિચારો અને અભિપ્રાયો વ્યકત કરવાના કારણે તેમને પોતાના કરિયરમાં કામ ગુમાવવાનો વારો આવ્યો છે.

### રામ મંદિરમાં દાનના પૈસાની ચોરી પ્રકરણમાં કેસની તપાસ પૂર્ણ

# રામ મંદિર દાન ચોરી કેસમાં ૬૦ હજાર પાનાની ચાર્જશીટ

## ચંપત રાય, અનિલ મિશ્રા, ગોપાલ રાવ સરકારી સાક્ષી બન્યા, ચાર્જશીટમાં જાણો ક્યારે શું બન્યું

નવી દિલ્હી, તા.૨૫

રામ મંદિરમાં દાનના પૈસાની ચોરી પ્રકરણમાં કેસની તપાસ પૂર્ણ થયા પછી ચાર્જશીટને લઇ પણ ચર્ચા કરવામાં આવી રહી છે. ૬૦,૦૦૦ થી વધુ પાનાની ચાર્જશીટ ચાર બોક્સ અને બે કાગળના શીટમાં ભરી કોર્ટમાં લાવવામાં આવી હતી.

પોલીસે રામ મંદિરમાં દાન ચોરી કેસમાં વિશેષ ન્યાયાધીશ એટી કરપ્શનની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના પૂર્વ મહાસચિવ ચંપત રાય, ટ્રસ્ટી અનિલ મિશ્રા અને નિર્માણ પ્રભારી ગોપાલ રાવનું નામ આરોપી તરીકે દર્શાવવામાં આવ્યું નથી. ત્રણેયને સરકારી સાક્ષી તરીકે નામ દર્શાવવામાં આવ્યા છે. ચાર્જશીટમાં ૧૩૩ સાક્ષીઓનો ઉલ્લેખ છે, જેમાં ૪૦૦ પાનાના આરોપપત્ર અને ૧૦૧




કેસ ડાયરી સ્લિપનો સમાવેશ થાય છે.

ચાર્જશીટ અનેક બોક્સ અને શીટ્સમાં પેક કરી કોર્ટમાં પહોંચાડવામાં આવી હતી. પોલીસે ચાર્જશીટ દાખલ કર્યા પછી કોર્ટે દસ્તાવેજો એકત્રિત કરવાનું અને તપાસવાનું શરૂ કર્યું. આ માહિતી મળતાં જ કોર્ટ પરિસરમાં ભારે હલચલ મચી ગઇ. કેટલાક વકીલોએ તપાસ અને આરોપી તરીકે ચોક્કસ વ્યક્તિઓના નામ ન આપવા સામે વાંધો ઉઠાવ્યો. સ્પેશિયલ જજ એન્ટી કરપ્શન કોર્ટની બહાર પોલીસ વિરુદ્ધ પણ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા, જેના કારણે હંગામાની સ્થીતી થઇ હતી.

કોર્ટ પરિસરમાં પહેલાથી જ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી, પરંતુ પીએસી કર્મચારીઓના બે ટ્રક તૈનાત કરવામાં આવ્યા હતા. ચાર્જશીટ દાખલ કરતી વખતે તપાસ અધિકારી આશુતોષ તિવારી સાથે એસપી સિટી ચક્રપાણી ત્રિપાઠી, સીઓ સિટી શ્રીયશ ત્રિપાઠી, કોટવાલ મનોજ શર્મા અને રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ સુમિત શ્રીવાસ્તવ હાજર હતા.કોર્ટના જણાવ્યા મુજબ તપાસમાં સામેલ કરવા માટે વકીલો દ્વારા રજૂ કરાયેલા સોગંદનામા અંગે કોઈ પુરાવા મળ્યા નથી. તેના આધારે અરજી ફગાવી દેવામાં આવી હતી. આ કેસમાં આગામી રિમાન્ડ સુનાવણી ૭ ઓક્ટોબરના રોજ યોજાનાર હોવાનું જાહેર કરાયું છે.

ચઢાવા ચોરીનો ઘટનાક્રમ આ કેસ ૪ જૂને સામે આવ્યો જ્યારે ગણતરી ખંડમાં રોકડ છુપાવવાનો મામલો પ્રકાશમાં આવ્યો હતો.આ મામલો ૭ જૂને અખિલેશ યાદવના ટ્વિટ પછી લોકોને જાણકારી મળી ૧૦ જૂને ટ્રસ્ટના તત્કાલીન મહાસચિવ ચંપત રાયે મુખ્યમંત્રીને તપાસ કરાવવા વિનંતી કરી હતી

# માનવજાતને બચાવવા AIને કાબૂમાં કરો

## ઈલોન મસ્ક સહિતના એઆઈ ટેકનોલોજી કંપનીના વડાઓની યુએનમાં રજૂઆત : યોગ્ય રીતે ઉપયોગ ન થાય તો એઆઈ બેહદ જોખમી : ડારિયો એમોડેઈ : ભવિષ્યમાં એઆઈ પર આપણો કાબૂ ન રહે તેવી શક્યતા : સેમ ઓલ્ટમેન

નવી દિલ્હી, તા.૨૫

સંયુક્ત રાષ્ટ્રસંઘમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપનીઓના વડાઓએ એઆઈ ટેકનોલોજી માનવજાત માટે જોખમી હોવાનું સ્વીકાર્યું હતું. એઆઈ કંપની એન્થ્રોપિક અને ચેટજીપીટીથી એઆઈ ચેટબોટનો ટ્રેન્ડ લાવનારી કંપની ઓપનએઆઈના વડાઓએ માન્યું કે ભવિષ્યમાં એઆઈ કાબૂ બહાર જઈ શકે છે. માનવજાત પર ગંભીર ખતરો મંડરાઈ રહ્યો છે. તેમણે કહ્યું, મહેરબાની કરીને અમે બનાવેલી ટેકનોલોજી પર કંટ્રોલ મૂકાય તેવી પોલિસી બનાવો.

સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા પરિષદમાં એઆઈ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા બાબતે ચર્ચા યોજાઈ હતી. એમાં એઆઈથી માનવજાતને ખરેખર કેટલો અને કેવો ખતરો છે તેની જાણકારી એઆઈ કંપનીના સીઈઓ પાસેથી મેળવવામાં આવી હતી. એઆઈ કંપનીઓના માલિકો, સંચાલકોએ સ્વીકાર્યું હતું કે એઆઈ માનવજાત માટે ભવિષ્યમાં ખતરનાક સાબિત થશે. એન્થ્રોપિકના સીઈઓ ડારિયો એમોડેઈએ કહ્યુંઃ જો યોગ્ય રીતે ઉપયોગ ન થયો તો એઆઈ માનવજાત માટે પણ જોખમી સાબિત થઈ શકે છે. ચેટજીપીટીના સર્જક સેમ ઓલ્ટમેને પણ એઆઈના સંભવિત ખતરા સામે ચેતવણી આપી કે ભવિષ્યમાં આપણે એઆઈ ટેકનોલોજી પરથી કાબૂ ગુમાવી શકીએ છીએ. આ બંને દુનિયાની ખૂબ શક્તિશાળી એઆઈ કંપનીઓના સીઈઓ છે. તેમણે યુએન સુરક્ષા પરિષદના સભ્યોને કહ્યું કે બધા દેશોએ,




સંયુક્ત રાષ્ટ્ર સાથે મળીને એઆઈ માટે એક સુરક્ષિત વાતાવરણ બનાવવું પડશે. એવી પોલિસી ઘડવી પડશે કે જેનાથી એઆઈની ટેકનોલોજી કાબૂ બહાર ન જાય.

એક્સએઆઈના સ્થાપક અને દુનિયાના સૌથી ધનવાન ઉદ્યોગપતિ ઈલોન મસ્કે ૧૫ સભ્યોની સિક્યુરિટી કાઉન્સિલ સામે ઓપિનિયન આપ્યો કે સાથે મળીને એઆઈની ઝડપ ઘટે તેવા પ્રયાસો કરવાની જરૂર છે. જોકે, આ એઆઈ કંપનીના સંચાલકોએ એવું પણ કહ્યું હતું કે એઆઈ માનવજાતને ઉપયોગ થઈ શકે છે. જો તેનો નિયંત્રિત ઉપયોગ કરવામાં આવે તો તે ઉપયોગી ટેકનોલોજી છે. બ્રિટનના ફોરેન સેક્રેટરીએ જણાવ્યું હતું કે આ ટેકનો-એક્સપર્ટે જણાવ્યું કે દુનિયા પર આફત આવતી હોય તો તેને રોકવાનું કામ આ ટેકનોલોજી પર છોડી શકાય તેમ નથી. માનવજાતે ખુદ એનો રસ્તો કરવો જોઈએ. તેને નિયંત્રિત કરીને ઉપયોગ થાય તેવી ગ્લોબલ પોલિસી બનાવવી જોઈએ.

બીજી તરફ અમેરિકાના યુએન સ્થિત પ્રતિનિધિએ એવું કહ્યું હતું કે એઆઈનો ખતરો હોવાથી એઆઈ ટેકનોલોજીના વિકાસને અટકાવી શકાય નહીં. તેની જે ફાયદાકારક બાબતો છે તે યથાવત રાખીને દુનિયાએ રસ્તો કાઢવો જોઈએ. અમેરિકા તેના સહયોગીઓ સાથે આના સારા-ખરાબ પાસાઓ શેર કરવાની પોલિસી જાળવી રાખવા માંગે છે. અમેરિકાના સત્તાવાર નિવેદનમાં ટ્રમ્પના વલણનો પડઘો પડયો હતો. મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગ, એનવીડિયાના સીઈઓ જેન્સન હુઆંગ વગેરેએ તરફેણ કરતાં કહ્યું હતું કે એઆઈ ટેકનોલોજીને અટકાવવી ન જોઈએ. તેમણે નવા રેગ્યુલેશનની જરૂર ન હોવાનો મત રજૂ કર્યો હતો.

# સૌ. યુનિવર્સિટીના પ્રો. ડો.જયદિપસિંહ ડોડિયાનું વયનિવૃત્તિ સન્માન

## ‘સિઝન્સ સ્ક્વેર ચેરિટેબલ ટ્રસ્ટ’ અને ‘મનુભાઈ વોરા મેમોરિયલ ફાઉન્ડેશન’ દ્વારાં અદકેરું આયોજન



ઉત્પલ જોશી | કમલેશ જોશીપુરા | કલ્પક ત્રિવેદી | અનુપમ દોશી | રાજેશ કાલરીયા | જયદીપસિંહ ડોડિયા | અજય જોષી | કૌશિક મહેતા | અલ્કાબેન વોરા

રાજકોટ, તા.૨૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર ડો .જયદીપસિંહ ડોડિયાના અધ્યાપન ક્ષેત્રે કુલ ચાર દાયકાના અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ૨૮ વર્ષના સ્મરણીય સેવાકાળ બાદ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વયનિવૃત્ત થતા હોઈ તેમને સન્માનપત્ર અર્પણ કરીને વિશિષ્ટ ઢબે સન્માનિત કરવાનો એક વિશિષ્ટ ઉપક્રમ ૪ ઓક્ટોબર , ૨૦૨૬, રવિવારની ઢળતી સાંજે ૫ કલાકે મનુભાઈ વોરા ઓપન એર થિયેટર , સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હાઉસિંગ સોસાયટી, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે યોજાઈ રહ્યો છે.

'સિઝન્સ સ્ક્વેર ચેરિટેબલ ટ્રસ્ટ' અને ' મનુભાઈ વોરા મેમોરિયલ ફાઉન્ડેશન'ના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ રળિયામણાં કાર્યક્રમનું પ્રમુખસ્થાન પ્રોફે. ઉત્પલ જોષી, કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શોભાવશે. મુખ્ય મહેમાન તરીકે ડો. કમલેશ જોષીપુરા, ભૂતપૂર્વ કુલપતિ , સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આ ઉપક્રમની આભામાં ઉમેરણ કરશે. ઉપરાંત, ડો.કલ્પક ત્રિવેદી, ભૂતપૂર્વ ઉપકુલપતિ, તથા અનુપમભાઈ દોશી, પ્રણેતા, 'સાહિત્ય સેતુ' અને ડો. રાજેશ કાલરિયા, ડિરેક્ટર, 'સૌરાષ્ટ્ર એજ્યુકેશન ટ્રસ્ટ'ની વિશિષ્ટ ઉપસ્થિતિ આ કાર્યક્રમની ગરિમા વધારશે.

આ ઉપરાંત સર્વ સંજુ વાળા, દિલીપ જોષી, મહેન્દ્ર જોષી, જય છનિયારા તેમ જ આર.પી.જોષી વગેરે સાહિત્ય- કલાક્ષેત્રના મર્મજ્ઞ મિત્રો આ ઉપક્રમને વિશેષ રીતે રમણીય, સ્મરણીય અને શ્રવણીય બનાવશે. આ રળિયામણા કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પ્રો. જયદીપસિંહ ડોડિયા પ્રત્યેનો પોતાનો ભાવ અને અહોભાવ વ્યક્ત કરવા માટે બંને આયોજક સંસ્થાના સંવાહકો અજયભાઈ જોષી, સુ અલ્કાબેન વોરા તથા કૌશિકભાઈ મહેતા દ્વારા સૌ વિદ્યાપ્રેમી રસિકજનોને પ્રેમાગ્રહપૂર્ણ અનુરોધ કરવામાં આવે છે. આ કાર્યક્રમની સાથે સાથે વિખ્યાત હાસ્ય કલાકાર જય છનિયારાનો પણ દિવ્યાંગો માટે મનોરંજનનો કાર્યક્રમ પણ રાખ્યો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર અને અધ્યાપક અગ્રણી પ્રો. જયદિપસિંહ ડોડિયા તેમની યુનિવર્સિટી સેવાના ૨૮ વર્ષ પુરા કરી તા. ૧૯૯૮માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયાં. એ પહેલા રાજકોટની મતી એમ. ટી. ધમસાણીયા કોમર્સ કોલેજ અને માંગરોળની શારદાગ્રામ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં અંગ્રેજીનાં અધ્યાપક તરીકે ફરજ બજાવેલ. આ અગાઉ તેમણે જામનગર મુકામે પાંચ વરસ શાળા અને કોલેજના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ.

૧૯૯૮માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકેની કારકિર્દી શરુ કરનાર પ્રો. જયદિપસિંહ ડોડિયા સેનેટ સભ્ય, સીન્ડીકેટ સભ્ય તેમજ વિનયન વિદ્યાશાખાના ડીન તરીકે ફરજ બજાવી ચુક્યા છે. વર્ષ ૨૦૧૩ માં તત્કાલીન કુલપતિ ડો. મહેન્દ્રભાઈ પાડલીયા લંડનના પ્રવાસે ગયા ત્યારે ગુજરાતનાં તત્કાલીન રાજ્યપાલ ડો. કમલા બેનીવાલે કાર્યકારી કુલપતિ તરીકે પ્રો. ડોડીયાની નિમણૂંક કરી હતી. પ્રો. જયદિપસિંહ ડોડીયાનો વર્ષ ૨૦૧૩ માં કાર્યકારી કુલપતિ તરીકેનો ખુબ જ અલ્પ સમય ગાળો ગુજરાત રાજ્યનું શિક્ષણ જગત લાંબા સમય સુધી યાદ રાખે તેવો યશસ્વી રહ્યો હતો.

વર્ષ ૨૦૧૨ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સૌથી મોટી ફેકલ્ટી એવી આર્ટ્સ ફેકલ્ટીના ડીન અને અધર ધેન ડીન એમ બંને પદે ચૂંટાઈને પ્રો. જયદિપસિંહ ડોડીયાએ વિક્રમ સર્જયો હતો. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણ ની કુલપતિ સર્ચ કમિટી માં યુ.જી. સી. ચેરમેનના નોમિની તરીકે એક વખત તેમજ માનનીય રાજ્યપાલના નોમિની તરીકે આ સમિતિના અધ્યક્ષ તરીકે બે વખત સફળતાં પૂર્વક ફરજ બજાવી ચુક્યા છે.

પ્રો. ડોડીયાએ રાજસ્થાનની વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટી, કોટાના એકેડેમિક કાઉન્સીલના સભ્ય તરીકે એક ટર્મ ફરજ બજાવેલ છે. તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીના પ્રમુખ પદે તેઓ સતત ત્રણ વખત બિનહરીફ ચૂંટાયેલ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓ. હાઉસિંગ સોસાયટીના પ્રમુખની પણ જવાબદારી છેલ્લા દસેક વરસથી નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યાં છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં 'આસિસ્ટન્ટ પ્રોફેસર'થી કારકિર્દી શરુ કરીને અંગ્રેજી ભાષા સાહિત્ય ભવનનાં ( બઢતીથી અને સીધી ભરતીથી એમ બંને રીતે) 'પ્રોફેસર' તરીકે નિમણૂંક મેળવનાર પ્રો. જયદિપસિંહ ડોડીયા સૌરાષ્ટ્ર કચ્છમાં અંગ્રેજી વિષયના પ્રથમ અધ્યાપક છે. તેમનાં માયાળુ માર્ગદર્શન હેઠળ અત્યાર સુધીમાં ૫૦ જેટલા અધ્યાપકોએ પીએચ. ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. એટલુજ નહિ, આ પૈકી ૨૦ જેટલા અધ્યાપકો ગુજરાતની અલગ અલગ યુનિવર્સિટીમાં અધ્યાપક, ગાઈડ તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવી રહ્યા છે. અંગ્રેજી ભવનનાં અધ્યક્ષ તરીકેના તેમના ત્રણ વર્ષના કાર્યકાળમાં અંગ્રેજી વિષયના માર્ગદર્શકો સાથે સતત પરામર્શ કરી,અંગ્રેજીનો એક પણ તેજસ્વી વિદ્યાર્થી પ્રવેશથી વંચિત ન રહે તે દિશામાં તેમણે પરિણામલક્ષી કામગીરી કરી હતી. વર્ષ ૨૦૧૯માં ભવન અધ્યક્ષ તરીકે તેમના કાર્યકાળમાં ૪૦ વિદ્યાર્થીઓને પીએચ. ડી.માં પ્રવેશ આપવામાં આવ્યો હતો જે પૈકી ૩૫ જેટલા સંશોધકોએ પોતાનું સંશોધન કાર્ય સફળતાપૂર્વક નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરેલ છે.

એક અધ્યાપક તરીકે ડો.ડોડીયા માત્ર અધ્યાપકોની જ નહિ, પરંતુ વિદ્યાર્થીઓની સમસ્યાઓ અંગે પણ સતત જાગૃત રહેલ છે અને જરૂર પડે વિદ્યાર્થીઓના વાલીની ભૂમિકા પણ ખડેપગે અદા કરી સત્તાધીશો સમક્ષ નીડરતાપૂર્વક અને સચોટ આધાર પુરાવા સાથે પરિણામલક્ષી રજૂઆતો કરતા રહ્યા છે. ઈતિહાસ ગવાહ છે કે તેઓની સતત સક્રિયતાને કારણે તેઓ નજીકના ભૂતકાળમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અનેક ચૂંટણી જંગમાં એકલા હાથે લડીને તોતિંગ બહુમતીથી વિજેતા જાહેર થયા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશનના બે ટર્મ સુધી મહામંત્રી અને બે ટર્મ સુધી પ્રમુખ તરીકેના કાર્યકાળમાં પણ તેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાપકોના પ્રશ્નોના નિવારણ માટે મહત્વની ભૂમિકા ભજવી હતી.ગુજરાતમાં યુ.જી.સી.ના છઠ્ઠા અને સાતમા પગાર ધોરણના અમલીકરણ માટે પણ પ્રો. જયદીપસિંહ ડોડિયાએ એક જાગૃત અધ્યાપક અગ્રણી તરીકે સક્રિય ભૂમિકા ભજવી હતી.આમ, પ્રો. જયદીપસિંહ ડોડિયાની આ પ્રકારની બહુઆયામી સેવાપરાયણતા અને કર્તવ્યપરાયણતાને સન્માનિત કરવા માટે શિક્ષણ-સાહિત્ય-કલાજગતના સૌ મર્મજ્ઞ મિત્રોને આ ઉપક્રમના સાક્ષી બનવા આયોજક સંસ્થાઓ તરફથી આગ્રહપૂર્ણ અનુરોધ કરવામાં આવે છે.

# ૪.૮૧ કરોડના કોકેઈન સાથે યુગાન્ડાનો શખ્સ ઝડપાયો

## ૯૮૧ ગ્રામ કોકેઇન જપ્ત કરી તપાસનો ધમધમાટ શરુ કરતી DRI

રાજકોટ, તા.૨૫

અમદાવાદ એરપોર્ટ પરથી ટ્રોલી બેગના હેન્ડલમાં છુપાવેલ ૯૮૧ ગ્રામ કોકેઇન સાથે યુગાન્ડાનો નાગરિક ઝડપાયો છે. અમદાવાદના ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઇન્ટેલિજન્સ(DRI) ઝોનલ યુનિટના અધિકારીઓએ સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ(SVPIA) પરથી યુગાન્ડાના નાગરિકની અટકાયત કરી તેની ટ્રોલી બેગના ટેલિસ્કોપિક હેન્ડલ અને પ્લાસ્ટિકના સપોર્ટ પાર્ટ્સ ચકાસતા તેમાં કોકેઇન મળી આવ્યું હતું.



DRI અધિકારીઓના જણાવ્યા અનુસાર, કતાર એરવેઝની ફ્લાઇટ નંબર ચછ ૫૩૪ દ્વારા અમદાવાદ આવી રહેલો યુગાન્ડાનો એક નાગરિક ભારતમાં નશીલા પદાર્થો ઘૂસાડી રહ્યો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ પછી બાતમીના આધારે અધિકારીઓએ ૨૪ સપ્ટેમ્બરના રોજ તેની અટકાયત કરી હતી. મુસાફર એરપોર્ટ પહોંચતા જ તેને અટકાવવામાં આવ્યો હતો. શરૂઆતની પૂછપરછ દરમિયાન તેણે કોઈ પણ પ્રકારનો ગેરકાયદે સામાન હોવાનો ઇનકાર કર્યો હતો. જો કે, અધિકારીઓએ તેના સામાનની વિગતવાર તપાસ કરતા ટ્રોલી બેગના ટેલિસ્કોપિક હેન્ડલ અને પ્લાસ્ટિકના સપોર્ટ પાર્ટ્સમાંથી સફેદ પાવડર ધરાવતા પેકેટો છુપાવેલા મળી આવ્યા હતા. છુપાવેલા ભાગોમાંથી મળી આવેલા પદાર્થનું પરીક્ષણ કરવામાં આવતા તે કોકેઇન હોવાનું સામે આવ્યું હતું.

DRIએ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ(NDPS) એક્ટ, ૧૯૮૫ની જોગવાઈઓ હેઠળ નશીલા પદાર્થને જપ્ત કર્યો છે અને આ કથિત દાણચોરીના પ્રયાસ સંબંધિત મુસાફરની ધરપકડ કરી છે. કસ્ટમ્સ સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, જપ્ત કરાયેલા ૯૮૧ ગ્રામ કોકેઇનની ગેરકાયદે બજારમાં કિંમત અંદાજે ૪.૮૧ કરોડ આંકવામાં આવી છે.DRIના અમદાવાદ ઝોનલ યુનિટ દ્વારા વિકસાવવામાં આવેલી ગુપ્ત બાતમીના આધારે આ સફળતા મળી હતી, જેણે એરપોર્ટ મારફતે નશીલા પદાર્થોની શંકાસ્પદ હેરાફેરી અંગે અધિકારીઓને એલર્ટ કર્યા હતા. ત્યારબાદ મુસાફરની ગઉઙ્જ એક્ટની સંબંધિત જોગવાઈઓ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. સમગ્ર મામલે DRIએ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ એક્શન મોડમાં

# ‘સનસાઇન વેલનેસ સ્પા’ની આડમાં ચાલતું કૂટણખાનું પકડાયું

## મિઝોરમ, ત્રિપુરા, આસામની ૫ યુવતીઓ મળી : ૮૫૦૦નો મુદ્દામાલ કબજે કરતી પોલીસ

રાજકોટ, તા.૨૫

રાજકોટ શહેરના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં તારીખ ૨૫/૦૯/૨૦૨૬ના રોજ અનૈતિક વ્યાપાર (પ્રતિબંધ) અધિનિયમ, ૧૯૫૬ (ઇમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ) ની કલમ ૩, ૪, ૫ અને ૭ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ રેડ તારીખ ૨૫/૦૯/૨૦૨૬ના રોજ સાંજે ૧૭:૧૯ વાગ્યાના સુમારે યાજ્ઞિક રોડ પર રામકૃષ્ણ આશ્રમ સામે આવેલા રાજેશ્વરી કોમ્પ્લેક્ષના ચોથા માળે 'સનસાઇન વેલનેસ સ્પા' ખાતે પાડવામાં આવી હતી.

એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ, રાજકોટ શહેરના એ.એસ.આઈ. સલીમભાઈ બાબુભાઈ મકરાણીએ ફરિયાદી તરીકે ફરજ બજાવી છે. પોલીસે સ્પાના સંચાલક અને માલિક તરીકે ૨૫ વર્ષીય શંકર અર્જુનભાઈ સોની (રહે. લાઈમ ઇન્સ્ટીટ્યુટની બાજુમાં, જ્યોતિનગર મેઈન રોડ, આકાશવાણી ચોક, રાજકોટ) ની ધરપકડ કરી છે.



રાજકોટ શહેરના એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટને બાતમી મળી હતી કે 'સનસાઇન વેલનેસ સ્પા'માં સ્પા અને મસાજના નામે બહારથી સ્ત્રીઓને બોલાવી, ગ્રાહકો સાથે શરીર સંબંધ બંધાવીને દેહવ્યાપારનો ગેરકાયદેસર ધંધો ચલાવવામાં આવી રહ્યો છે. આ હકીકતની ખરાઈ કરવા માટે પોલીસે એક ડમી ગ્રાહક તૈયાર કરીને સ્પામાં મોકલ્યો હતો. ડમી ગ્રાહકનો મિસકોલ મળતા જ પી.આઈ. પી.એન. પઢીયાર સહિતની પોલીસ ટીમે પંચોને સાથે રાખીને સ્પામાં રેડ કરી હતી. રેડ દરમિયાન સ્પાના કાઉન્ટર પર આરોપી શંકર સોની હાજર મળ્યો હતો, જેણે પોતે સ્પાનો માલિક હોવાની કબૂલાત કરી હતી.

પોલીસે સ્પાના રૂમો ચેક કરતા એક રૂમમાંથી ડમી ગ્રાહક અને એક સ્ત્રી કઢંગી હાલતમાં મળી આવ્યા હતા. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે સ્પામાં એન્ટ્રી ફી તરીકે રૂ. ૧૦૦૦ લેવામાં આવતા હતા અને શરીર સંબંધ માટે ગ્રાહક દીઠ અલગથી રૂ. ૨૫૦૦ વસૂલવામાં આવતા હતા. આ રકમમાંથી રૂ. ૧૫૦૦ ભોગ બનનાર સ્ત્રીને અપાતા અને રૂ. ૧૦૦૦ સ્પા સંચાલક કમિશન પેટે રાખી લેતો હતો. ડમી ગ્રાહક પાસેથી રૂ. ૫૦૦ ના દરની પાંચ નોટો (કુલ રૂ. ૨૫૦૦) પણ કબ્જે કરવામાં આવી હતી.

રેડ દરમિયાન પોલીસે સ્થળ પરથી રોકડા રૂ. ૩૫૦૦ (કાઉન્ટર પરથી રૂ. ૧૦૦૦ અને ડમી ગ્રાહક પાસેથી મળેલા રૂ. ૨૫૦૦), ત્રણ પ્લાસ્ટિકના કોન્ડોમ પેકેટ (''ણફજ્ઞિજ્ઞ ઈઘગઉઘખજ'), એક તૂટેલા કોન્ડોમનું રેપર, ઓપ્પો કંપનીનો એક મોબાઈલ ફોન (કિંમત રૂ. ૫૦૦૦) અને રૂ. ૧૦૦૦ ના સ્ટેમ્પ પેપર પર થયેલો નોટરાઇઝ્ડ ભાડાકરાર મળીને કુલ રૂ. ૮,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. સ્પામાંથી અન્ય ૫ સ્ત્રીઓ પણ મળી આવી હતી, જેમની પૂછપરછ અને વિગતો નોંધવામાં આવી છે. ભોગ બનનાર સ્ત્રીઓમાં અન્ય રાજ્યો (જેવા કે મિઝોરમ, ત્રિપુરા, આસામ) ની યુવતીઓનો પણ સમાવેશ થાય છે.

# ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલનો પરમો વિદ્યાસત્કાર સમારોહ

## ક્ષત્રિય સમાજના ૫૦૦થી વધુ તેજસ્વી વિદ્યાર્થી દીકરા-દીકરીઓનું સન્માન કરાશે

રાજકોટ, તા.૨૫

રાજકોટ શહેરમાં ક્ષત્રિય સમાજની સામાજિક સંસ્થા ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલ દ્વારા આગામી તા. ૨૭/૦૯/૨૦૨૬ (રવિવાર) ના રોજ હેમુગઢવી હોલ ખાતે ૫૨માં વિદ્યા સત્કાર સમારોહનું આયોજન કરાયું છે. છેલ્લા પાંચ દાયકાથી વધુ સમયથી સંસ્થા દ્વારા સમગ્ર ગુજરાતમાં વસતા ક્ષત્રિય સમાજના પરિવારોના તેજસ્વી સંતાનોને સન્માનિત કરવાનું ભગીરથ કાર્ય છેલ્લા ૫૧ વર્ષથી અવિરત રીતે કરવામાં આવે છે. આ સમારોહમાં ક્ષત્રિય સમાજના ૫૦૦થી વધુ તેજસ્વી વિદ્યાર્થી દીકરા-દીકરીઓનું સન્માન કરવામાં આવશે. આ ઉપરાંત, પોલીસ ડિપાર્ટમેન્ટમાં રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતાઓ, નગરસેવકો અને પદાધિકારીઓને રાજ્યના મંત્રીઓ તથા મહાનુભાવોના હસ્તે શિલ્ડ તેમજ રોકડ પુરસ્કાર એનાયત કરી બહુમાન કરવામાં આવનાર છે.

સમારોહ રાજકોટ ઠાકોર સાહેબ માંધાતાસિંહજી જાડેજાના પ્રમુખ સ્થાને યોજાશે. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ગુજરાત રાજ્ય સરકારના રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રી સંજયસિંહ મહિડા અને મુખ્ય અતિથિ તરીકે રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી મતિ રીવાબા જાડેજા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત માજી મંત્રી હકુભા જાડેજા (જામનગર), ધારાસભ્ય કિરીટસિંહજી રાણા (લીંબડી), પ્રદ્યુમનસિંહજી જાડેજા (અબડાસા), ધર્મેન્દ્રસિંહજી વાઘેલા (વાઘોડિયા), ગીતાબા જાડેજા (ગોંડલ) અને વીરેન્દ્રસિંહજી જાડેજા (રાપર કચ્છ) તેમજ અન્ય મહાનુભાવો હાજરી આપનાર છે.

શૈક્ષણિક સન્માન ઉપરાંત સંસ્થા દ્વારા વર્ષ દરમિયાન રાજકોટ શહેરમાં અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં જુદા જુદા વિસ્તારોમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને માત્ર ૫ રૂપિયાના ટોકન દરે ૩૦ હજાર જેટલા ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવે છે. સમયની માંગ મુજબ સમાજમાં રહેલા ટેલેન્ટ અને મહેનતકશ વ્યક્તિઓને યોગ્ય પ્લેટફોર્મ સાથે સારી નોકરી કે વ્યવસાયિક તક મળી શકે તે માટે ઉદ્યોગપતિઓ, મોટા વ્યાવસાયિક સંકુલો અને બેંકો સહિતના સેક્ટરો સાથે સંપર્કો અને જોડાણ કરીને જોબફેરનું આયોજન કરી રોજગારી પૂરી પાડવામાં સંસ્થા માધ્યમ બને છે.

ક્ષાત્ર પર્વ વિજયાદશમીના રોજ પરંપરાગત શસ્ત્ર પૂજન સાથે શોભાયાત્રાનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. તેમજ શરદોત્સવ ઉજવવા માટે શરદપૂર્ણિમાની રઢિયાળી રાતે ક્ષત્રિય યુવાનો અને ભાઈઓ માટે એક દિવસીય ક્ષાત્ર રાસોત્સવ યોજવામાં આવે છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા મેડિકલ ક્ષેત્રે પણ અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

ઉપરોક્ત કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજના પરિવારો, વડીલો, યુવાનો, ભાઈઓ, માતાઓ અને બહેનોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા માટે સંસ્થાની કાર્યવાહક સમિતિ, રાજદિપસિંહ જાડેજા (વાવડી), સત્યજીતસિંહ જાડેજા (કાળીપાટ), દિલજીતસિંહ જાડેજા (ભાતેલ), જયદેવસિંહ જાડેજા (રીબ), તીર્થરાજસિંહ ગોહિલ (ત્રાપજ), રાજદિપસિંહ રાણા (વણા) ત્થા જયપાલસિંહ રાણા (તાવી) દ્વારા અપીલ કરવામાં આવે છે.

# અશ્રુભીની આંખે 'દુંદાળા દેવ'ને વિદાય

## 'બાપા મોરિયા'ના નાદ સાથે ગણેશ મહોત્સવની પૂર્ણાહુતિ : સૌરાષ્ટ્ર-કચ્છ ગણપતિમય



રાજકોટ, તા. ૨૫

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છમાં છેલ્લા ૧૨ દિવસથી શ્રદ્ધા અને ઉલ્લાસપૂર્વક ઉજવાઈ રહેલા ગણેશ મહોત્સવનું ભાવસભર વાતાવરણમાં સમાપન થયું છે. વિઘ્નહર્તા દેવ ગણેશજીની ૧૨ દિવસની ભક્તિભાવપૂર્વક આરાધના કર્યા બાદ, આજે બપોરથી સાંજ સુધી રાજમાર્ગો પરથી નીકળેલી શોભાયાત્રાઓમાં ''ગણપતિ બાપા મોરિયા, પુડચ્યા વર્ષી લૌકર યા''ના નાદ ગુંજી ઊઠ્યા હતા. ભક્તોએ ભારે હૈયે અને અશ્રુભીની આંખે પોતાના લાડકા બાપાને આગામી વર્ષે વહેલા આવવાના કોલ સાથે વિદાય આપી હતી. રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં સાર્વજનિક મંડળો, શેરી-મહોલ્લાઓ તેમજ ઘરોમાં ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. આ ૧૨ દિવસ દરમિયાન મહાઆરતી, સત્યનારાયણ દેવની કથા, રાસ-ગરબા, સંતવાણી અને નાટક જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. આ સાથે રક્તદાન કેમ્પ અને સમૂહ પ્રસાદ જેવા સામાજિક સેવાકાર્યો દ્વારા ભક્તિનું અનોખું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. આકર્ષક રોશની અને ઝગમગતા સુશોભનથી સજ્જ પંડાલોમાં ગણેશજીના દર્શન માટે દરરોજ હજારો ભક્તોની ભીડ ઉમટી પડી હતી.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર કરાયેલા ચોક્કસ વિસર્જન સ્થળો પર જ મૂર્તિઓ પધરાવવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. નાની-મોટી કદાવર મૂર્તિઓને સલામત રીતે જળમાં પધરાવવા માટે ફાયર ફાઈટરો અને વિશાળ ક્રેઈનની મદદ લેવામાં આવી હતી. ભીડને નિયંત્રિત કરવા અને કાયદો-વ્યવસ્થા જાળવવા શહેર તથા ગ્રામ્ય પોલીસનો વ્યાપક કાફલો તૈનાત રહ્યો હતો. કોઈપણ તાકીદની તબીબી સ્થિતિને પહોંચી વળવા વિસર્જન સ્થળો પર ૧૦૮ એમ્બ્યુલન્સ વાન એલર્ટ મોડ પર રાખવામાં આવી હતી. અબીલ-ગુલાલની છોળો વચ્ચે ગણેશજીની પ્રતિમાઓનું જળ વિસર્જન થતાં જ સમગ્ર સૌરાષ્ટ્રમાં ૧૨ દિવસીય ગણેશ મહોત્સવની ભવ્ય પૂર્ણતા થઈ છે.

### આજી-ન્યારી ડેમમાં નર્મદાના નીરની ધસમસતી આવકથી જળસંકટ ટળ્યું

# માઠા વર્ષમાં રાજકોટવાસીઓનો તારણહાર બની સૌની યોજના



રાજકોટ, તા. ૨૫

રાજકોટ શહેર માટે છેલ્લા પંદરેક વર્ષથી સંજીવની સમાન સાબિત થયેલી સૌની યોજના ફરી એકવાર માઠા વર્ષમાં નગરજનો માટે વહારે આવી છે. ચાલુ વર્ષે રાજકોટમાં માત્ર ૧૯.૫ ઈંચ જેટલો જ ઓછો વરસાદ નોંધાયો છે, જેના કારણે સ્થાનિક જળાશયોમાં પાણીની પૂરતી આવક થઈ શકી નહોતી. શહેર પર ઘેરાતા જળસંકટને ધ્યાનમાં રાખીને છેલ્લા ઓગસ્ટ માસથી જ આજી અને ન્યારી ડેમમાં સૌની યોજના મારફતે ક્રમશઃ નર્મદાના નીર ઠાલવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

વરસાદ ખેંચાતા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દૈનિક પાણી વિતરણ વ્યવસ્થા જાળવી રાખવા માટે સરકાર પાસે વધુ જળજથ્થાની માંગણી કરવામાં આવી હતી. આગામી જૂન માસ સુધી રાજકોટવાસીઓને પીવાના પાણીની કોઈ તકલીફ ન પડે તે હેતુથી ૪000 MCFT જેટલું નર્મદા નીર છોડવા માટે કરેલી રજૂઆતને સરકારે તાત્કાલિક સ્વીકારી લીધી હતી, જેને પગલે જળાશયોમાં નર્મદાના પાણી છોડવાનું કામ વેગવંતુ બન્યું છે.

રાજકોટ સિંચાઈ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર છેલ્લા ૧૨ દિવસથી આજી-૧ અને ન્યારી-૧ માં સતત પાણી છોડાઈ રહ્યું છે. જેમાં અત્યાર સુધીમાં આજી ડેમમાં ૨૨૫ MCFT પાણી ઠાલવાતા તેની સપાટી ૨૩ ફૂટે પહોંચી છે અને ડેમ ૬૦ ટકા જેટલો ભરાઈ ગયો છે. જ્યારે ન્યારી-૧ માં ૩૪૬ MCFT પાણી છોડાતા તેની સપાટી ૧૭.૭૫ ફૂટે પહોંચી છે અને ડેમ ૪૦ ટકાથી વધુ ભરાઈ ચૂક્યો છે. આમ, નબળા ચોમાસા છતાં સૌની યોજનાના લીધે રાજકોટ પરથી પીવાના પાણીનું સંકટ ટળી ગયું છે.

# સોમવારે ૧૮ વોર્ડમાં મિલકતોનો 'ડિજિટલ સર્વે'

### RMC દ્વારા ટેક્સ શાખાના ડેટાબેઝને અદ્યતન કરવા ખાનગી એજન્સીને સોંપાઈ કામગીરી

### મિલકતોનું જીઓ-ટેગિંગ, મોબાઈલ નંબર અને વોટર કનેક્શનની વિગતો અપડેટ કરાશે




રાજકોટ, તા. ૨૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ ૧૮ વોર્ડમાં મિલકતોનો ડેટાબેઝ અદ્યતન કરવા માટે આગામી ૨૮મી સપ્ટેમ્બર સવારથી એક વ્યાપક સર્વે ઝુંબેશ શરૂ કરવામાં આવી રહી છે. મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા સંચાલિત આ સર્વે કામગીરી એક ખાનગી એજન્સીને સોંપવામાં આવી છે, જેના કર્મચારીઓ શહેરની તમામ રેસિડેન્શિયલ અને નોન-રેસિડેન્શિયલ મિલકતોની રૂબરૂ મુલાકાત લઈને સ્થળ પર જ મોબાઈલ એપ્લિકેશન મારફતે જરૂરી વિગતો એકત્રિત કરશે. આ ઝુંબેશનો મુખ્ય હેતુ મિલકતોનું સચોટ જીઓ-ટેગિંગ કરવું, મિલકતધારકોના સરનામા અને મોબાઈલ નંબર અપડેટ કરવા તેમજ મિલકત ખાતે ઉપલબ્ધ વોટર કનેક્શન સહિતની તમામ ટેકનિકલ અને વહીવટી વિગતોને ડિજિટલ રેકોર્ડ પર અદ્યતન કરવાનો છે.

નાગરિકોની સુરક્ષા અને છેતરપિંડી અટકાવવા માટે પાલિકા તંત્ર દ્વારા વિશેષ સાવચેતી રાખવામાં આવી છે. સર્વે માટે આવનાર દરેક કર્મચારી પાસે રાજકોટ મહાનગરપાલિકાનો અધિકૃત સિક્કો ધરાવતું આઈ-કાર્ડ હશે, જેમાં તેમનું નામ, ફોટોગ્રાફ અને મોબાઈલ નંબર દર્શાવેલ હશે. આ ઉપરાંત, આઈ-કાર્ડ પર એક વિશેષ ક્યુઆર કોડ પણ આપવામાં આવ્યો છે, જેને સ્કેન કરીને કોઈ પણ નાગરિક સ્થળ પર જ સર્વેયરની ઓળખની ખરાઈ કરી શકશે. રાજકોટ મહાનગરપાલિકાની સત્તાવાર વેબસાઈટ પર પણ તમામ અધિકૃત સર્વેયરોના નામ અને ફોટોગ્રાફ સાથેની યાદી મુકવામાં આવી છે. જો કોઈ વ્યક્તિ આઈ-કાર્ડ વગર આવે તો તેને મિલકત ખાતે પ્રવેશ આપવો નહીં.

આ સર્વે અંગે મિલકતધારકોએ કેટલીક બાબતો ખાસ ધ્યાન પર લેવી અત્યંત જરૂરી છે. આ કામગીરી માત્ર વેરા વસુલાત શાખાના હયાત રેકોર્ડને અપડેટ કરવા પૂરતી સીમિત છે. સર્વે કરનાર કર્મચારીઓને વેરો ઉઘરાવવાની, રોકડ રકમ લેવાની કે હયાત આકારણીમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવાની સત્તા આપવામાં આવી નથી. આથી નાગરિકોએ સર્વેયર સાથે કોઈ પણ પ્રકારનો નાણાકીય વ્યવહાર કરવો નહીં. વધુમાં, આ સર્વે દરમિયાન કોઈ પણ સંજોગોમાં ઓટીપી (OTP) કે બેંક ખાતા સંબંધિત વિગતો શેર કરવાની રહેશે નહીં. જો કોઈ સર્વેયર દ્વારા નાણાં, ઘઝક કે બેંક ડીટેઈલ માંગવામાં આવે, તો તુરંત જ રાજકોટ મહાનગરપાલિકાના કોલ સેન્ટર નંબર ૧૫૫૩૦૪ પર જાણ કરવા વિનંતી છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના સુચારુ વહીવટ અને સચોટ ડેટાબેઝ માટે તમામ મિલકતધારકોને આ કામગીરીમાં પૂર્ણ સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

### નાગરિકો-વહીવટી સુધારાની અનિવાર્ય માંગ : રેવન્યુ બાર એસોસિએશનની માંગ

# શહેરમાં અશાંત ધારાની મિલકત અરજીઓનો ઢગલો



રાજકોટ, તા. ૨૫

રાજકોટમાં અશાંત ધારા હેઠળ મિલકતના વેચાણ અને હસ્તાંતરણ માટેની મંજૂરી મેળવવાની પ્રક્રિયા હાલ અરજદારો અને વકીલો માટે એક મોટી કસોટી બની ગઈ છે, જ્યાં ફાઈલોના નિકાલમાં થતા લાંબા વિલંબના કારણે સર્જાતી મુશ્કેલીઓનો મામલો હવે ગંભીર સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. કાયદાના રક્ષણાત્મક હેતુઓ વચ્ચે સામાન્ય નાગરિકો અને પ્રોપર્ટીધારકો જ્યારે પોતાની માલિકીની મિલકતના વ્યવહારો માટે અરજી કરે છે, ત્યારે સરકારી દફતરે ચાલતી લાંબી અને જટિલ પ્રક્રિયાના કારણે મહિનાઓ સુધી ફાઈલો અટવાઈ રહે છે. દસ્તાવેજોની ચકાસણી, પંચરોજકામ, પોલીસ તપાસ અને સુનાવણીના વિવિધ તબક્કાઓ વચ્ચે કોઈ નિશ્ચિત સમયમર્યાદા કે પારદર્શક પદ્ધતિ ન હોવાના કારણે અરજદારોને બેહદ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. મધ્યમ વર્ગના પરિવારો પોતાના અંગત કાર્યો, મેડિકલ ઈમરજન્સી, વેપાર કે બાળકોના ઉચ્ચ અભ્યાસ માટે જ્યારે મિલકત વેચવા કે ખરીદવા નીકળે છે, ત્યારે આ અંકુશિત વિલંબના કારણે તેમના આર્થિક વ્યવહારો ખોરવાઈ જાય છે અને તેઓ ભારે માનસિક તાણ અનુભવે છે.

આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે રાજકોટ રેવન્યુ બાર એસોસિએશને સક્રિય રૂપે આગળ આવીને પ્રાંત અધિકારી સાથે રૂબરૂ બેઠક યોજી હતી અને આ સમગ્ર વિષય પર વિસ્તૃત રજૂઆત કરી હતી. એસોસિએશનના હોદ્દેદારો અને સભ્યોએ એકસૂરે આ વાત પર ભાર મૂક્યો હતો કે અરજીઓની પ્રક્રિયામાં થતો અકારણ વિલંબ, બિનજરૂરી દસ્તાવેજી માંગણીઓ અને સમયસર નિર્ણય ન લેવાને કારણે વકીલ આખી અને અરજદારો બંને હાલાકી ભોગવી રહ્યા છે. બેઠક દરમિયાન એસોસિએશન દ્વારા અશાંત ધારા હેઠળની પ્રક્રિયાને વધુ સરળ, વ્યવહારુ અને સમયબદ્ધ બનાવવાની સ્પષ્ટ માંગણીઓ રજૂ કરવામાં આવી હતી, જેથી નાગરિકોને વારંવાર સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે અને સમયસર ન્યાય મળે.

રાજકોટ રેવન્યુ બાર એસોસિએશનની આ રજૂઆતને પ્રાંત અધિકારીએ અત્યંત હકારાત્મક અભિગમ સાથે સાંભળી હતી અને આ મામલે વહેલી તકે યોગ્ય કાર્યવાહી તથા સત્વરે નિર્ણયો લેવા માટેના જરૂરી પગલાં ભરવાની ખાતરી પણ આપી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા એસોસિએશનના એડવોકેટોએ પ્રશ્નોના નિરાકરણ માટે પોતાની એકજૂટતા દર્શાવી હતી. એસોસિએશને આશા વ્યક્ત કરી છે કે તંત્રના આ સકારાત્મક અભિગમને કારણે આગામી સમયમાં અશાંત ધારા હેઠળની અરજીઓના ઝડપી નિકાલનો માર્ગ મોકળો થશે અને વર્ષોથી લાલ ફીતાશાહીના જાળામાં અટવાયેલા પ્રશ્નોમાંથી અરજદારો તેમજ વકીલોને મોટી રાહત મળી શકશે.

### દેશના અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતું બૅંકિંગ ક્ષેત્ર હાલ એક મોટા અને નિર્ણાયક સંઘર્ષના વળાંક પર આવીને ઊભું

# બેંક કર્મીઓની હડતાળ વચ્ચે 'રવિવાર' બન્યો સંગ્રામનું મેદાન!

## પાંચ દિવસ કામકાજની નીતિ લાગુ કરવાની મુખ્ય માંગણી સાથે દેશભરના બેંક કર્મચારીઓ મેદાને



રાજકોટ, તા. ૨૫

દેશના અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતું બેંકિંગ ક્ષેત્ર હાલ એક મોટા અને નિર્ણાયક સંઘર્ષના વળાંક પર આવીને ઊભું રહી ગયું છે. એક તરફ પોતાની વર્ષો જૂની અને પડતર માગણીઓ, ખાસ કરીને અઠવાડિયામાં માત્ર પાંચ દિવસ કામકાજ (ફાઈવ-ડે વર્કિંગ)ની નીતિ લાગુ કરવાની મુખ્ય માંગણી સાથે દેશભરના બેંક કર્મચારીઓ અને અધિકારીઓના તમામ નાના-મોટા યુનિયનોએ આરપારની લડાઈનું વિગુલ ફૂંકી દીધું છે. યુનિયનો દ્વારા આગામી ૨૮ થી 30 સપ્ટેમ્બર સુધી સળંગ ત્રણ દિવસની દેશવ્યાપી હડતાળનું સત્તાવાર એલાન કરવામાં આવ્યું છે, તો બીજી તરફ સરકારે પણ આ આંદોલનને નિષ્ફળ બનાવવા અને સામાન્ય જનતાને હાલાકીમાંથી ઉગારવા માટે એક અભૂતપૂર્વ અને સણસણતો માસ્ટરસ્ટ્રોક માર્યો છે.

ગણિત રજાઓનું અને ગણતરી સરકારની જુઓ તો, જો હડતાળના ત્રણ દિવસ અને તે પછી આવતા શનિ-રવિની રજાઓ ભેગી થાય, તો દેશમાં સળંગ પાંચ દિવસ સુધી તમામ બેંકિંગ વ્યવહારો સંપૂર્ણપણે ઠપ્પ થઈ જાય તેવી ગંભીર સ્થિતિ નિર્માણ પામી હતી. જો આમ થાય તો સામાન્ય નાગરિકોના રોજિંદા વહીવટથી લઈને વેપારીઓના કરોડો રૂપિયાના ચેક ક્લિયરિંગ, રોકડ ઉપાડ અને આંતરરાષ્ટ્રીય વ્યવહારો અટકી પડે અને સમગ્ર દેશનું અર્થતંત્ર ખોરવાઈ જાય તેમ હતું. પરંતુ, આ પરિસ્થિતિને થાળે પાડવા અને કર્મચારીઓના હડતાળના શસ્ત્રને બોથડ બનાવવા માટે કેન્દ્ર સરકારે રવિવારની જાહેર રજા હોવા છતાં પણ દેશભરની બેંકો ખુલ્લી રાખવાનો અણધાર્યો નિર્ણય લીધો છે. સામાન્ય રીતે રવિવારે બેંકો તાળાબંધીમાં હોય છે, પરંતુ સરકારી આદેશથી આ રવિવાર હવે બેંકિંગ ઈતિહાસમાં એક મોટા સંગ્રામનું મેદાન બની ગયો છે.

સરકારના આ વળતા પ્રહાર સામે પણ બેંક કર્મચારીઓ કે યુનિયનો સેજ પણ પીછેહઠ કરવાના મૂડમાં દેખાતા નથી. સરકાર તરફથી આવી રહેલા દબાણ સામે ઝૂકવાને બદલે કર્મચારીઓએ હડતાળ પૂર્વે જ સમગ્ર દેશમાં જિલ્લા મથકોએ વિરોધ પ્રદર્શનો, ધરણા અને સૂત્રોચ્ચાર જેવા આંદોલનાત્મક કાર્યક્રમોનો ધમધમાટ શરૂ કરી દીધો છે. આ રાષ્ટ્રીય આંદોલનની ગુંજ સૌરાષ્ટ્રના આર્થિક પાટનગર ગણાતા રાજકોટમાં પણ સ્પષ્ટપણે સંભળાઈ રહી છે. રાજકોટના નાનામવા વિસ્તાર ખાતે મોટી સંખ્યામાં બેંક કર્મચારીઓ અને યુનિયન આગેવાનો એકઠા થયા હતા અને શક્તિપ્રદર્શન સાથે ધરણા-દેખાવો યોજ્યા હતા.

નાનામવા ખાતે યોજાયેલા આ પ્રદર્શન દરમિયાન બેંક કર્મચારીઓએ બેનરો અને પ્લેકાર્ડ્સ સાથે કેન્દ્ર સરકારની નીતિઓ સામે ભારે વિરોધ નોંધાવ્યો હતો. વિરોધ સ્થળ પર ''કર્મચારી એકતા ઝિંદાબાદ'', ''આપણા હક, આપણો અધિકાર'' અને સરકાર વિરોધી સણસણતા સૂત્રોચ્ચારથી આખો પરિસર ગૂંજી ઊઠ્યો હતો. પ્રદર્શન કરી રહેલા આગેવાનોએ હૂંકાર ભરતા જણાવ્યું હતું કે, સરકારી દબાણ કે આવી રવિવાર ચાલુ રાખવાની નીતિઓ સામે કર્મચારીઓ ક્યારેય નહીં ઝૂકે.

આ સમગ્ર મડાગાંઠ વચ્ચે સૌથી વધુ મુશ્કેલીમાં અને અસમંજસમાં સામાન્ય જનતા તથા વેપારી વર્ગ મુકાયો છે. એક તરફ રવિવારે બેંકો ચાલુ રાખવાના સરકારી આદેશથી લોકોને થોડી રાહત મળવાની આશા છે, પણ બીજી તરફ હડતાળના ત્રણ દિવસ દરમિયાન એટીએમ (ATM) ખાલી થઈ જવાનો, ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ પર ભારણ વધવાનો અને ચેક ક્લિયરિંગ અટકી જવાનો ભય સતત સતાવી રહ્યો છે.

# કમોતની પાઠશાળા

## છાત્રોના આપઘાત, વ્યસનોનું તાંડવ, વિદેશીઓના વિવાદ, પણ પગલાં નહિ



રાજકોટની મારવાડી યુનિવર્સિટી ફરી એકવાર ભારે વિવાદમાં સપડાઈ છે. શિક્ષણનું ધામ ગણાતી આ સંસ્થા હવે જાણે કમોતની પાઠશાળા બની ગઈ હોય તેવો ઘાટ સર્જાયો છે. ટૂંકા સમયગાળામાં અહીં બે-બે હોનહાર વિદ્યાર્થીઓએ આપઘાત કરી લેતા સમગ્ર કેમ્પસમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

તાજેતરની ઘટનામાં, મૂળ આંધ્રપ્રદેશનો અને કોમ્પ્યુટર સાયન્સના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો ૧૯ વર્ષીય વિદ્યાર્થી ગંદામ હેમંત જીસીતારામ પ્રસાદ સવારે અભ્યાસ માટે આવ્યો હતો. ત્યારબાદ તેણે અચાનક ચોથા માળેથી કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. ડેપ્યુટી રજીસ્ટ્રાર નિખીશ વર્ગીસના જણાવ્યા અનુસાર આપઘાત કરનાર વિદ્યાર્થી ભણવામાં ખૂબ હોંશિયાર હતો.

આ દુઃખદ ઘટનાના માત્ર છ દિવસ પહેલાં જ આંધ્રપ્રદેશની ૧૯ વર્ષીય વિદ્યાર્થિની સૌબર્ણિકાએ હોસ્ટેલના દસમા માળેથી કૂદીને પોતાનો જીવ આપી દીધો હતો. તે ઘટનાનું કારણ હજુ બહાર આવ્યું નથી, ત્યાં તો બીજા આંધ્રપ્રદેશના જ ૧૯ વર્ષના વિદ્યાર્થીએ મોત વહાલું કરી લીધું. કુવાડવા પોલીસે ઘટના સ્થળે પહોંચીને આત્મહત્યાનું સાચું કારણ શોધવા માટે તપાસ હાથ ધરી છે.

મારવાડી યુનિવર્સિટીમાં સતત બનતી આવી ગંભીર બનાવો છતાં તંત્ર દ્વારા યોગ્ય ઉકેલ લાવવામાં આવતો નથી. અહીં ભૂતકાળમાં પણ વિદેશી છાત્રોના વલ્ગર ખેલથી માંડીને દંગલ થવાના અનેક કિસ્સા સામે આવ્યા છે. આ ઉપરાંત કેમ્પસની આસપાસ અને હોસ્ટેલમાં ગેરકાયદે વ્યસનો તથા નશાકારક પદાર્થોના ઉપયોગ અંગેના વિવાદો પણ સતત ઊભા થતા રહ્યા છે. વિદ્યાર્થીઓની સુરક્ષા, માનસિક કાઉન્સેલિંગ કે શિસ્ત જાળવવામાં યુનિવર્સિટીનું સંચાલન સાવ નિષ્ફળ નીવડ્યું છે.

સતત બનતા આપઘાતના બનાવો, વિદેશી વિદ્યાર્થીઓના ઝઘડા અને ગેરકાયદે પ્રવૃત્તિઓ છતાં તંત્ર મૌન સેવીને તમાશો જોઈ રહ્યું છે. વાલીઓ પોતાના બાળકોને ઉજ્જવળ ભવિષ્યની આશા સાથે મોકલે છે, પરંતુ સંસ્થાની ઘોર બેદરકારીને કારણે વિદ્યાર્થીઓ કાળજી વગરના વાતાવરણમાં હોમાઈ રહ્યા છે. જો યુનિવર્સિટી તંત્ર દ્વારા યોગ્ય અને કડક પગલાં લેવામાં નહીં આવે તો આવી દુઃખદ ઘટનાઓ રોકવી અશક્ય બનશે. અરેરાટી વ્યાપાવતી આ સ્થિતિમાં હવે સરકારી અને પોલીસ તંત્ર દ્વારા કડક તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવાય તે અત્યંત જરૂરી બન્યું છે. ગમે તેટલી ગંભીર ઘટના બને, પરપ્રાંતીય કહેવાતા કર્મચારી જ મીડિયા સામે આવે છે, યુનિર્સિટીમાં કોઇ જવાબદાર હોય તેમ લાગતું નથી. રહસ્યમય ઘટનાઓ અને રહસ્યમય ફિંડલા વળી જાય છે. આ મામલે ઉંડી તપાસ થાય તો વિસ્ફોટક વિગતો જાહેર થાય તેમ જાણકારોનું માનવું છે.

# જ્ઞાનેશ કુમાર ચહેરો કેમ છુપાવે છે : ખેરા

## મેરઠમાં કાર્યક્રમ રદ કરવા બદલ કોંગ્રેસનો શાબ્દિક હુમલો, તમે તમારી જાત સાથે શું ગડબડ કરો છો

નવીદિલ્હી, તા. ૨૫

કોંગ્રેસ પાર્ટીએ મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર ગુપ્તાની ઉત્તર પ્રદેશમાં તેમના બે આયોજિત કાર્યક્રમો મુલતવી રાખવા બદલ ટીકા કરી છે. કોંગ્રેસના સાંસદ પવન ખેરાએ ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર ગંભીર આરોપ લગાવ્યા. તેમણે કહ્યું, ''હવે, ગુપ્તાજી પોતાના કાર્યક્રમોમાં હાજરી આપવા પણ માંગતા નથી... ગુપ્તાજીએ પોતાના અને દેશ સાથે કેટલી ગડબડ કરી છે.'' આસામના કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ પવન ખેરાએ જ્ઞાનેશ કુમાર પર નિશાન સાધતા પૂછ્યું, ''મુખ્ય ચૂંટણી કમિશનરને પોતાનો ચહેરો કેમ છુપાવવાની જરૂર છે? તેઓ સતત કાર્યક્રમો રદ કરી રહ્યા છે.'' મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર ૨૫ સપ્ટેમ્બરે મેરઠની મુલાકાતે આવવાના હતા, અને વારાણસીમાં એક કાર્યક્રમ ૨૮ સપ્ટેમ્બરે યોજાવાનો હતો. જોકે, બંને કાર્યક્રમો મુલતવી રાખવામાં આવ્યા છે.

કોંગ્રેસના ભૂતપૂર્વ મીડિયા ઇન્ચાર્જે કહ્યું, ''જ્યારે બંધારણ ઘડવામાં આવ્યું ત્યારે બાબા સાહેબે ખાતરી કરી કે દરેકને સમાન મતદાન અધિકારો હોવા જોઈએ.'' પછી ભલે તે રિક્ષાચાલક હોય કે અદાણી અને અંબાણી જેવા શ્રીમંત વ્યક્તિ હોય. કોંગ્રેસના સાંસદે આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચની કામગીરી સામાન્ય મતદારો અને કહેવાતા VIP મતદારો વચ્ચે ભેદભાવ કરે છે. તેમણે કહ્યુ કે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ છેલ્લા ત્રણ વર્ષથી મત ચોરી કેવી રીતે થઈ રહી છે તે હકીકતો સાથે દર્શાવ્યું છે અને સમજાવ્યું છે. પવન ખેરાએ કહ્યું કે જ્ઞાનેશ કુમારનું ગુપ્ત મિશન હવે ગુપ્ત રહ્યું નથી, જે દર્શાવે છે કે લોકોને તેમના મતદાનના અધિકારથી કેવી રીતે વંચિત રાખવામાં આવી રહ્યા છે.

કોંગ્રેસના રાજ્યસભા સાંસદે દિલ્હીના



મુખ્યમંત્રી રેખા ગુપ્તાના કેસના ઝડપી નિરાકરણ પર પણ સવાલ ઉઠાવ્યા અને બ્લો એપ પર નવી VIP મતદાર શ્રેણી અપલોડ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું, ''દિલ્હીના મુખ્યમંત્રીનો કેસ બે મિનિટમાં ઉકેલાઈ ગયો, જ્યારે સામાન્ય લોકોને કલાકો સુધી લાઇનોમાં ઉભા રહેવું પડે છે. મેં ટ્ઈઙ દર્શન જોયું છે, પરંતુ મેં ક્યારેય મતદાર જોયો નથી.'' દરમિયાન, કોંગ્રેસ પાર્ટી જ્ઞાનેશ કુમારના રાજીનામા અને ધરપકડની માંગ કરી રહી છે. પાર્ટીના કાર્યકરો દિલ્હી, લખનૌ, પટના, હૈદરાબાદ, ગુવાહાટી અને કોલકાતામાં ચૂંટણી પંચની કચેરીઓ તરફ કૂચ કરી રહ્યા છે. દિલ્હીમાં, પોલીસે વિરોધીઓને રોકવા માટે બેરિકેડ ઉભા કરવા પડ્યા, જેના કારણે તેમની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના મેરઠ અને વારાણસીમાં કાર્યક્રમો મુલતવી રાખવામાં આવ્યા છે. આ કાર્યક્રમો ૨૫ સપ્ટેમ્બરે મેરઠમાં અને ૨૮ સપ્ટેમ્બરે વારાણસીમાં યોજાવાના હતા. આ કાર્યક્રમોમાં યુવાનો સાથે ચર્ચા અને ચૂંટણી સાક્ષરતા પર ચર્ચા કરવાનો સમાવેશ થતો હતો. આ ચૂંટણી પંચના ELC પરિષદની એક ખાસ પહેલ હતી. વિપક્ષ આ મુલતવી રાખવાને તાજેતરના વિવાદ સાથે જોડી રહ્યો છે.

જોકે, ચૂંટણી પંચે ઉત્તર પ્રદેશમાં બંને પ્રસ્તાવિત કાર્યક્રમો મુલતવી રાખવા અંગે સ્પષ્ટતા કરી. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે બંને પરિષદો મુલતવી રાખવાનો નિર્ણય ૨૧ સપ્ટેમ્બરે લેવામાં આવ્યો હતો. પંચના જણાવ્યા અનુસાર, સ્થળની ઉપલબ્ધતા, વરિષ્ઠ અધિકારીઓના સમયપત્રક અને કુદરતી આફતો સહિતના વિવિધ કારણોસર ELC પરિષદો મુલતવી રાખવામાં આવે છે અથવા ફરીથી શેડ્યૂલ કરવામાં આવે છે.

# હિમાલયમાં ગ્લેશિયર-પૂરનો ભય

## નેપાળના વડા પ્રધાન બાલેન્દ્ર શાહે હિમાલયમાં વધતી જતી આબોહવા કટોકટીનો સામનો કરવા માટે ભારત અને ચીન પાસેથી માંગી મદદ

નવીદિલ્હી, તા. ૨૫

નેપાળના વડા પ્રધાન બાલેન્દ્ર શાહે હિમાલયમાં વધતી જતી આબોહવા કટોકટીનો સામનો કરવા માટે ભારત અને ચીન સાથે એક નવી પદ્ધતિ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેને હિમાલયન ક્લાઈમેટ રેઝિલિયન્સ મિકેનિઝમ કહેવામાં આવે છે, અને તેનું નેતૃત્વ નેપાળ, ભારત અને ચીન સંયુક્ત રીતે કરશે. શાહે ગુરુવારે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૮૧મા સત્રમાં પોતાનું પહેલું ભાષણ આપ્યું. નેપાળમાં તાજેતરના વિનાશક પૂરનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે વધતા વૈશ્વિક તાપમાન હિમાલયની નાજુક કુદરતી પ્રણાલીઓને અસ્થિર કરી રહ્યું છે. ૨૬ ઓગસ્ટના રોજ નેપાળમાં આવેલા વિનાશક પૂર અને ભૂસ્ખલનમાં ૧,૪૫૧ લોકો માર્યા ગયા હતા અને ૬,૦૦૦ થી વધુ લોકો હજુ પણ ગુમ છે.

શાહે કહ્યું કે હિન્દુકુશ હિમાલય ક્ષેત્રમાં આશરે ૨ અબજ લોકો રહે છે. હિમાલય આ લોકો માટે પાણી, પર્યાવરણ, કૃષિ અને આજીવિકાનો મુખ્ય સ્રોત છે. આ નેપાળથી દૂર રહેતી વસ્તીને અસર કરે છે. શાહે કહ્યું કે હિમાલય વિશ્વથી અલગ પડેલો નાનો પ્રદેશ નથી, પરંતુ પૃથ્વીની જીવન વ્યવસ્થાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આને ધ્યાનમાં રાખીને, શાહે ભારત અને ચીન સાથે તાત્કાલિક હિમાલયન ક્લાઇમેટ રેઝિલિયન્સ મિકેનિઝમ સ્થાપિત કરવાનો પ્રસ્તાવ મૂક્યો. તેમણે જણાવ્યું હતું કે આ મિકેનિઝમ ત્રણેય દેશોને સેટેલાઇટ માહિતી અને કુશળતા શેર કરવાની મંજૂરી આપશે.



આ મિકેનિઝમમાં ખતરનાક હિમનદી તળાવો, હિમનદીઓ પીગળવાથી બનેલા તળાવોનું નિરીક્ષણ કરવાનો સમાવેશ થશે. તેમણે પૂર અને અન્ય આફતોની વહેલી ચેતવણી આપવા માટે ત્રણેય દેશો વચ્ચે વહેલી ચેતવણી પ્રણાલીઓને મજબૂત બનાવવાનો પણ પ્રસ્તાવ મૂક્યો. મોટી કુદરતી આફતની સ્થિતિમાં, ત્રણેય દેશો રાહત અને બચાવ કામગીરીમાં સરહદો પાર સહયોગ કરશે. શાહે જણાવ્યું હતું કે હિમાલયને વ્યક્તિગત દેશો વચ્ચે ખંડિત જ્ઞાનના ક્ષેત્રને બદલે આંતરરાષ્ટ્રીય સહયોગ માટે પ્રયોગશાળામાં રૂપાંતરિત કરવું જોઈએ.

નેપાળી વડા પ્રધાને પર્માફ્રોસ્ટ (લાંબા સમયથી થીજી ગયેલો ભૂમિ બરફ) પીગળવાના ભય પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ હિમનદીઓ નીચે પર્વતીય ઢોળાવને નબળો પાડી રહ્યું છે, જેના કારણે હિમપ્રપાત અને ખડકો ધસી પડવાનું, પૂર, ભૂસ્ખલન અને અન્ય સંબંધિત આફતોનું જોખમ વધી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે તાજેતરની ઘટનાઓએ નેપાળ-ચીન સરહદની બંને બાજુ ભારે વિનાશ સર્જ્યો છે, પૂરના પાણી ભારતમાં વધી રહ્યા છે. નેપાળના વડા પ્રધાન બાલેન્દ્ર શાહે હિમાલય આબોહવા સંકટને સંબોધવા માટે ભારત અને ચીન સાથે એક નવી મિકેનિઝમ સ્થાપિત કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આમાં સેટેલાઇટ ડેટા શેરિંગ, આપત્તિ ચેતવણી અને રાહત સહાયનો સમાવેશ થશે.

# CJP વિરોધ પ્રદર્શન દરમિયાન ફોટા સાથે છેડછાડ

## મહિલાએ આરોપ લગાવ્યો અને દીપક-દાસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

નવીદિલ્હી, તા. ૨૫

જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટી (CJP) ના વિરોધ પ્રદર્શન દરમિયાન એક મહિલાનો ફોટો કથિત રીતે મોર્ફ કરીને પ્રદર્શિત કરવાનો મામલો સામે આવ્યો છે. મહિલાએ આરોપ લગાવ્યો છે કે તેનો ફોટો અઈ અને ફેસ-સ્વેપ ટેકનોલોજીનો ઉપયોગ કરીને મોર્ફ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ વિરોધ પ્રદર્શન દરમિયાન બેનરો અને પોસ્ટરોમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પીડિતાનો આરોપ છે કે તેનો ફોટો AI અને ફેસ-સ્વેપ ટેકનોલોજીનો ઉપયોગ કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ખોટી રીતે સુપરઇમ્પોઝ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, વિરોધ પ્રદર્શન દરમિયાન મોટા બેનરો અને પોસ્ટરો પર મોર્ફ કરેલા ફોટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ફરિયાદના આધારે, દિલ્હી પોલીસે આ મામલે અજાણ્યા વ્યક્તિઓ સામે કેસ દાખલ કર્યો છે.



મહિલાએ પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો છે કે તેનો ખાનગી ફોટો તેની સંમતિ વિના લેવામાં આવ્યો હતો અને તેની સાથે છેડછાડ કરવામાં આવી હતી. તેણીએ આરોપ લગાવ્યો છે કે ફોટોમાં AI નો ઉપયોગ કરીને સનસનાટીભર્યા પ્રભાવ બનાવવા માટે ફેરફાર કરવામાં આવ્યો હતો. એવો આરોપ છે કે મોર્ફ કરેલા ફોટા સાથેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર પણ ફરતો કરવામાં આવ્યો હતો, જેમાં વિરોધીઓએ ફોટોનો ઉપયોગ કરીને અશ્લીલ સૂત્રોચ્ચાર કર્યા હતા.

વધુમાં, મહિલાનો આરોપ છે કે CJP ના વિરોધ પ્રદર્શન દરમિયાન, કેટલાક છોકરાઓએ તેને ધમકી આપી હતી અને એવી રીતે વર્તન કર્યું હતું જેનાથી તેની નમ્રતાનું ઉલ્લંઘન થાય. તેણીનો દાવો છે કે તેણીની સંમતિ વિના તેણીના અંગત ફોટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે આ ઘટનાથી તેણીની ગરિમાને ઠેસ પહોંચી છે અને તેણીની છબી ખરડાઈ છે. મહિલા દ્વારા CJPના સ્થાપક અભિજીત દિપકે અને સૌરભ દાસ સહિત અનેક વ્યક્તિઓ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જોકે, પોલીસે FIRમાં દિપકે કે સૌરભ દાસનું નામ આરોપી તરીકે આપ્યું નથી. પોલીસે જણાવ્યું છે કે આ મામલાની દરેક દ્રષ્ટિકોણથી તપાસ કરવામાં આવી રહી છે.

NEET અને અન્ય પરીક્ષાઓના પેપર લીક વિવાદના વિરોધમાં જુલાઈમાં વિદ્યાર્થીઓ અને કોકરોચ જનતા પાર્ટીએ દિલ્હીના ઐતિહાસિક જંતર મંતર પર વિશાળ વિરોધ પ્રદર્શન કર્યું હતું. સામાજિક કાર્યકર સોનમ વાંગચુક પણ વિરોધ સ્થળ પર ભૂખ હડતાળ પર બેઠા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એકઠા થયા હતા, જેના કારણે ભારે અથડામણ થઈ હતી અને તેમની અને દિલ્હી પોલીસ વચ્ચે લાઠીચાર્જ થયો હતો. જોકે, ૨૦ જુલાઈના રોજ, પોલીસ સાથેની અથડામણ અને વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જથી પરિસ્થિતિ વધુ વણસી ગઈ. આખરે સરકારે નમતું જોખ્યું અને ૨૫ જુલાઈના રોજ, કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને તેમના પદ પરથી રાજીનામું આપ્યું. ત્યારબાદ વિરોધ પાછો ખેંચી લેવામાં આવ્યો.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### ૧૮૪૧ માં શરૂ થયેલાં ભાદરવી પૂનમના મેળાનું સાચું મહાત્મ્ય શું છે?



ઈશ્વરની સૃષ્ટિમાં સર્જન અને વિસર્જન એટલે કે જન્મ અને મૃત્યુ નિરંતર ચાલે છે, અને એની પર કાબુ મેળવવો એ સદીઓથી અઘરું છે. બીજુ ચાહે સતયુગ હોય, ત્રેતા યુગ હોય, દ્વાપર યુગ હોય, કે કળિયુગ હોય, પણ માનવી સમયની ગતિને રોકી શકતો નથી, અને પોતાના મનની ગતિને પણ રોકી શકતો નથી. એમાં જો એકલા રહેવાનું થાય તો, મન વિકારીત થવાની પૂરેપૂરી શક્યતા છે. એટલે જ આવી એકલતા ટાળવા ભારતીય સંસ્કૃતિમાં મેળાનું પણ મહત્વ છે. અને તહેવારો ઉત્સવો આ બધું જ ભેગા મળીને ઉજવવાનું કારણ પણ એ જ છે કે મન વિચલિત અવસ્થામાં વિકારિત ન થાય! ભગવાન બુદ્ધ પણ કહેતાં હતા, સંઘમ શરણમ ગચ્છામી. ક્યારેક કોઈ શું વિચારશે! એવું વિચારીને પણ આપણી ધર્મ પ્રત્યેથી આસ્થા વિચલિત થતી નથી,જે બહુ જરૂરી છે. આજે ભાદરવી પૂનમ છે, અને શક્તિપીઠમાં જ્યાં મા સતીનું હૃદય પડ્યું હતું, એવી અંબાજીની શક્તિપીઠમાં ભાદરવી પૂનમે એક મેળાનું આયોજન થાય છે, અને માઈ ભક્તો દૂર દૂરથી પગપાળા પ્રવાસ કરીને, આ મેળાનો હિસ્સો બને છે. આમ તો હરક્ષણ મા પોતાનાં ભક્તોની સમસ્યાનું નિવારણ કરે જ છે, એની માટે એકમ શું! અને પૂનમ શું! ને અમાસ શું? પણ છતાં અંબાજીમાં ચાર મેળાનું મહત્વ છે, કાર્તિક પૂર્ણિમા, ચૈત્ર પૂર્ણિમા, ભાદરવી પૂર્ણિમા,અને આસો પૂર્ણિમા. ભાદરવા સુદ પૂનમના દિવસે અહીં મોટાં પાયે મેળાનું આયોજન થાય છે, તો ચાલો અંબાજી.

આપણે સૌ જાણીએ છીએ કે બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર થી ૫૦ કિલોમીટર દૂર આવેલા દાતાની અરવલ્લીની સૌથી પ્રાચીન ગિરમાળાઓમાં દેશની ૫૧ શક્તિપીઠો માની મહત્વની શક્તિપીઠમાં અંબાજી એટલે કે શક્તિનું હૃદય કહેવાય એવી શક્તિપીઠ આવેલી છે. દંત કથા અનુસાર દક્ષયજ્ઞમાં પોતાની જાતને હોમી દેનાર સતીનો અર્ધ બળેલો દેહ લઈ ભગવાન શંકર અત્યંત ક્રોધમાં સ્વર્ગલોક, મૃત્યુલોક, અને પાતાળ લોકમાં ઘૂમે છે. એમનો ક્રોધ સમગ્ર સૃષ્ટિના પ્રલય માટે પર્યાપ્ત હતો, અને એવું ન થાય એની માટે થઈને ભગવાન વિષ્ણુ બાણથી સતીના મૃત પામેલા દેહના ટુકડા ટુકડા કરતા જાય છે, અને એ ટુકડો જ્યાં પડે ત્યાં આગળ શક્તિપીઠનું સર્જન થયું છે, અને ભગવાન વિષ્ણુના બાણથી જ્યારે સતીનું હૃદય પડ્યું એ સ્થાન આજે અંબાજી શક્તિપીઠ તરીકે ઓળખાય છે.

એક પૌરાણિક કથા અનુસાર પાટણના શિહોરી ના રાજમાતા નાં પુત્ર ભીમસિહને ૫૨ વર્ષ સુધી પુત્ર ન્હોતો! રાજમાતાને જાણ થઈ કે એમનાં કુળદેવી અંબાજી અને ત્યારે એમણે પાંચ વર્ષ સુધી યજ્ઞની અને ૫૧ ભૂદેવ ને ભોજનની માનતા રાખી હતી! ભાદરવા સુદ દસમથી આ ભૂદેવોએ અંબાજી જવા પગપાળા નિસર્યા અને પૂનમે પહોંચ્યા હતા.

હિંદુ પંચાંગ મુજબ ભાદરવા બાદ આસો મહિનો આવતો હોવાથી, આસો મહિનામાં માતાજીને પોતાનાં ગામ, મહોલ્લો, કે ઘરે, આવવાનું ભાવભર્યું આમંત્રણ આપવા માટે ભાદરવી પૂનમનો મેળો ભરવામાં આવે છે. ભક્તો પોતાની શ્રદ્ધાના પ્રતિક રૂપે લાલ ધજા લઈને આવે છે, અને મંદિરે ચઢાવેલી ધ્વજા દરેક જણ પોતાના ગામમાં પાછા લાવીને ત્યાં તેનું સ્થાપન કરે છે. એટલે કે ભાદરવી પૂનમના દિવસે માતાજીને પોતાની સાથે આવવાનું તેડું કરવા જાય છે.

આપણે સૌ જાણીએ છીએ કે અંબાજીની શક્તિપીઠમાં કોઈ મૂર્તિ ચિત્ર કે અન્ય સ્વરૂપની પૂજા થતી નથી, પરંતુ વીસાયંત્રની પૂજા કરવામાં આવે છે, અને એ પણ એક ગોખમાં રાખેલ છે! જેમાં ૫૧ અક્ષર આવેલા છે, અને એની પૂજા આંખે પાટા બાંધીને જ કરવામાં આવે છે, ઉજ્જૈન અને નેપાળની શક્તિપીઠના મૂળ યંત્ર સાથે આ યંત્ર મળતું આવે છે. આ મંદિરના ગર્ભ દ્વારમાં અમુક વર્ણનાં લોકો સિવાયના લોકોને સ્થાન નથી. અહીં પાવડી પુજાનું પણ ખૂબ જ મહત્વ આંકવામાં આવ્યું છે, અને પાવડી પૂજા દરમિયાન નાગરો તથા બ્રાહ્મણોને ગર્ભ દ્વારમાં પ્રવેશ આપવામાં આવે છે. અંબાજીમાં નાગરોની ધર્મશાળાઓ પણ આવેલી છે, અને જે સીધા મંદિરના પરિસરમાં નીકળતો માર્ગ પણ ધરાવે છે. સવારે સ્નાનાદીથી પરવારી અને રેશમી વસ્ત્ર પહેરી, સીધા મંદિરમાં જઈ અને ગર્ભ દ્વારમાં પાવડી પૂજા માટે જઈ શકાય છે, રેશમી વસ્ત્ર પહેરવું ફરજિયાત છે, મને પણ નાગર હોવાને નાતે બે ત્રણવાર પાવડી પૂજાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

સૌપ્રથમ આ પરંપરા એટલે કે ભાદરવી પૂનમના દિવસે અંબાજી પગપાળા જવું એ લાલ દંડા સંઘ એ શરૂ કરી હતી, અને લાલ દંડા સંઘ એ આ યાત્રા કરી એની પાછળ ઇતિહાસ પણ જોડાયેલો છે. કહેવાય છે કે વર્ષો અગાઉ અમદાવાદમાં જ્યારે પ્લેગ રોગ ફાટી નીકળ્યો હતો. ત્યારે તત્કાલીન નગરશેઠ દ્વારા મા અંબાજીની બાધા રાખવામાં આવી હતી, કે જો શહેરમાંથી પ્લેગ રોગ નાબૂદ થઇ જશે, તો તેઓ ના કહેવાથી અમુક વર્ણના લોકો મા અંબાનાં દર્શને આવશે. સદીઓથી નાગરો મા અંબાના ઉપાસકો રહ્યા છે, એટલે એ સમયથી ભાદરવી પૂનમ માટે નગરો કે બ્રાહ્મણો સંઘ લઈ અંબાના સાનિધ્યમાં એમને નોતરું દેવા તેમજ બાધા પુરી કરવા જાય છે. જેને પગલે વર્ષો પહેલાંથી શરૂ થયેલ આ વાત આજે પરંપરા બની અને અમદાવાદથી પાંચ નાગરો કે બ્રાહ્મણો અંબાજી પગપાળા હોંશેહોંશે મા જગતજનની જગદંબાનું સ્મરણ કરતાં કરતાં આ યાત્રા કરે છે.

દાંતા રાજવી પરિવાર પણ વર્ષોથી અંબાજી આવતાં લાલ દંડા સંઘને તમામ સુવિધાઓ કરી આપે છે. આજે પણ આ પરંપરા અવિરત ચાલુ છે. જ્યારે પણ લાલ દંડા સંઘ દાંતા પહોંચે છે, ત્યારે રાજવી પરિવાર દ્વારા તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. દાંતા રાજવી પરિવારના જુના મહેલમાં રહેલા મા અંબાના મંદિરમાં પૂજા કરીને, ત્યાર બાદ આ લાલ દંડા સંઘ અંબાજી પ્રસ્થાન કરે છે. જ્યાં અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ કલેકટર આ લાલ દંડા સંઘનું સ્વાગત કરે છે.

આપણને લાગે કે હવે લોકો આવી વાતોને નહીં, પણ વિજ્ઞાન વિકાસની વાતમાં વધુ માનતા હશે! પણ એવું નથી! આધુનિક યુગમાં પણ લોકોની આસ્થા અકબંધ છે,અને દર વર્ષે યોજાતા ભાદરવી પૂનમના મેળામાં ૩૦ લાખથી વધુ માઇભક્તો મા અંબાના દર્શન કરી નવરાત્રિ નિમિત્તે પોતાના ગામ પધારવા મા અંબાને ભાવભીનું આમંત્રણ આપે છે.

ભાદરવી પૂનમનો મેળો યોજાય છે ત્યારે ગુજરાત જ નહીં, પરંતુ અન્ય રાજ્યોમાંથી પણ લોકો પગપાળા આવી મા અંબાના દર્શન કરે છે. પોતાની જે પણ મનોકામના છે, તે મા આગળ મૂકે છે, કારણકે આખરે માતા જ પોતાના સંતાનનું દુઃખ સમજી તેનાં નિરાકરણનો ઉપાય શોધશે એવી દરેક ભક્તને શ્રદ્ધા હોય છે, અને જો આપણી શ્રદ્ધામાં કોઈ વિકાર ન હોય તો તે પૂર્ણ પણ થતી જોવા મળે છે. આમ કઠિનમાં કઠિન સમસ્યાનું નિવારણ મા અંબાના દરબારમાં જ છે! અને તેથી જ લોકો કઠિન પદયાત્રા કરી મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. આપણે સૌ પણ નવરાત્રી નિમિત્તે આજથી જ અંતરમાં મા જગતજનની જગદંબાનાં અનન્ય સ્વરૂપ વિશે શ્રદ્ધા બની રહે, એવા પ્રયત્નો કરીએ, અને તેનાં ધામ માંથી આપણા નિવાસમાં પધારે, તેમજ ગરબા રુપે આ દેહ રુપી ઘટમાં વસી આપણું અંતર અજવાળતી રહે અને આપણે એ શક્તિને અનુસરી શકીએ,અનુભવી શકીએ આત્મસાત કરી શકીએ અને એની જેમ સૌનું ભલું કરીએ. બોલો જય અંબે.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### શિક્ષણ જગતમાં નામના ધરાવતી યુનિવર્સિટી સ્યુસાઇડની ઘટનાઓને લીધે ચર્ચાના ચકડોળે

# મારવાડી કોલેજમાં વધુ એક વિદ્યાર્થીનો મોતનો કૂદકો

## ઓગણીસવર્ષના આંધ્રપ્રદેશના કોમ્પ્યુટર એન્જિનીયરીંગના છાત્રએ ચોથા માળેથી પડતું મુકી મોતનો રસ્તો પકડ્યોઃ અઠવાડીયા પહેલા દસમા માળેથી આપઘાત કરનાર આંધ્રપ્રદેશની છાત્રાના આપઘાતનું કારણ બહાર આવ્યું નથી ત્યાં બીજી ઘટનાએ કેમ્પસને હચમચાવી મુક્યો

રાજકોટ, તા.,૨૫

શહેર પોલીસની હદમાં રાજકોટ-મોરબી હાઇવે પર આવેલી મારવાડી કોલેજમાં છ દિવસના ગાળામાં વધુ એક વિદ્યાર્થીએ મોતની છલાંગ લગાવી દેતાં ચકચાર મચી ગઇ છે. એક આંધ્રપ્રદેશની ઓગણીસ વર્ષની વિદ્યાર્થીનીએ ઓગણીસમી તારીખે હોસ્ટેલના દસમા માળેથી કૂદીને જીવ આપી દીધાની ઘટનામાં કારણ હજુ બહાર આવ્યુ નથી ત્યાં હવે વધુ એક આંધ્રપ્રદેશના ઓગણીસ વર્ષના વિદ્યાર્થીએ કોલેજ બિલ્ડીંગના ચોથા માળેથી પડતું મુકી મોતનો રસ્તો પકડી લેતાં ખળભળાટ મચી ગયો હતો. આ આત્મહત્યાનું રહસ્ય ભેદવા પોલીસે રાબેતા મુજબ કાર્યવાહી હાથ ધરી હોવાનું કહેવાયું હતું.

વિગતો પર નજર કરીએ તો મોરબી રોડ પર આવેલી મારવાડી યુનિવર્સિટીમાં અભ્યાસ છ દિવસમાં આપઘાતની આજે બીજી ઘટના બનતાં અરેરાટી વ્યાપી ગઇ છે. ગયા શનિવારે ઓગણીસમી સપ્ટેમ્બરના રોજ આંધપ્રદેશની ઓગણીસ વર્ષની છાત્રાએ હોસ્ટેલના દસમા માળેથી મોતની છલાંગ લગાવી દીધી હતી. કોમ્પ્યુટર એન્જિનીયરીંગમાં અભ્યાસ કરતી એ છાત્રાના આપઘાતું કારણ હજુ બહાર આવ્યું નથી ત્યાં આજે આંધ્રપ્રદેશના જ ઓણગીસ વર્ષના એક વિદ્યાર્થીએ કોલેજ બિલ્ડીંગના ચોથા માળેથી કૂદીને મોત મેળવી લીધુ હતું.

વધુ માહિતી અનુસાર આપઘાત કરનાર આ વિદ્યાર્થીપણ આંધ્રપ્રદેશનો જ વતની હતો અને કોમ્પ્યુટર એન્જિનીયરીંગમાં અભ્યાસ કરતો હતો. આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. મારવાડી કોલેજના બિલ્ડીંગમાં ચોથા માળેથી સવારે એક વિદ્યાર્થીએ પડતું મુકતાં દેકારો મચી ગયો હતો. બનાવની જાણ થતાં સિક્યુરીટી સ્ટાફ અને બીજા કર્મચારીઓ દોડી ગયા હતાં. ૧૦૮ને જાણ થતાં ગાડી પહોંચી હતી. ૧૦૮ના તબિબે આ છાત્રને મૃત જાહેર કરતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. મોટી સંખ્યામાં છાત્રો, કર્મચારીઓ ભેગા થઇ ગયા હતાં. ઘટનાની જાણ થતાં મારવાડી યુનિવર્સિટીના એક્ઝીક્યુટીવ રજીસ્ટ્રાર નિબીશ વર્ગીસ સહિતના પણ પહોંચ્યા હતાં. બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના સંજયભાઇ કુમારખાણીયા, મેહુલસિંહ સહિતના સ્ટાફે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનાર વિદ્યાર્થીનું નામ ગંદામ હેમંત જીસીતારામ પ્રસાદ હોવાનું અને તે આંધ્રપ્રદેશના વિજયવાડાનો વતની હોવાનું જણાવાયું હતું.

આ વિદ્યાર્થી મારવાડી કોલેજમાં હોસ્ટેલમાં



એબીવીપીના કાર્યકરો રજૂઆત કરવા પહોંચતા પોલીસ બોલાવાઇઃ ઉગ્ર બોલાચાલી બાદ ઝપાઝપી થતાં કાર્યકરોની અટકાયત

રહેતો હતો અને અને કોલેજમાં કોમ્પ્યુટર એન્જિનીયરીંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. સવારે તે નિત્યક્રમ મુજબ અભ્યાસ કરવા કોલેજ બિલ્ડીંગમાં આવ્યો હતો. બાદમાં ચોથા માળેથી છલાંગ લગાવી દીધી હતી. આપઘાતનું કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી છે. આ બનાવથી મારવાડી કેમ્પસમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. અહિ ઉલ્લેખનીય છે કે ગયા શનીવારે ૧૯મીએ સવારે હોસ્ટેલમાં રહેતી મુળ આંધ્રપ્રદેશની સૌબર્નીકા વ્યંકટેશ અલ્લા નામની ઓગણીસ વર્ષની છાત્રાએ હોસ્ટેલમાં એ-વિંગ૧૦મા માળે જઇ છલાંગ લગાવી દેઇ આપઘાત કરી લીધો હતો.

આ છાત્રા પણ કોમ્પ્યુટર એન્જિનીયરીંગ એઆઇમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી અને માતા પિતાની એકની એક દિકરી હતી. એ ઘટનામાં પણ કુવાડવા રોડ પોલીસે કાર્યવાહી કરી હતી. તેમજ તપાસ શરૂ હતી. જો કે છ દિવસ પછી પણ તેણીના આપઘાતનું કોઇ કારણ બહાર ન આવ્યું નહોતું. ત્યાં આજે બીજી એક ઘટનામાં આંધ્રપ્રદેશના જ વિદ્યાર્થીએ આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઇ હતી. કુવાડાવા પોલીસ મથકના ઇન્સપેકટર એ. એન. જાનીના માર્ગદર્શનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. મારવાડી યુનિવર્સિટીના એક્ઝીક્યુટીવ રજીસ્ટ્રાર નિબીશ વર્ગીસએ જણાવ્યું હતું કે આ વિદ્યાર્થી ભણવામાં ખુબ હોશીયાર હતો, તેને એકપણ બેકલોગ નહોતો. અમે છાત્રોને કોઇપણ તકલીફ હોય તો તુરંત અમારો સંપર્ક કરવા માટે ઇમર્જન્સી નંબર આપેલા છે. આ કિસ્સામાં આપઘાતનું કારણ હવે પોલીસ તપાસ પછી બહાર આવશે. સતત ઉપરા ઉપર બે છાત્રા-છાત્રના આપઘાતથી ચકચાર મચી ગઇ છે.

બીજી તરફ મારવાડી કોલેજમાં છાત્રા-છાત્રના આપઘાતની બે ઘટના બની હોઇ આજે એબીવીપીના આગેવાનો, કાર્યકરો મારવાડી કોલેજ ખાતે રજૂઆત કરવા ગયા ત્યારે તેમના અને પોલીસ વચ્ચે ઝપાઝપી થયા બાદ બારથી પંદર કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. એબીવીપીના કાર્યકરોએ જણાવ્યું હતું કે અગાઉ એક વિદ્યાર્થીનીએ આપઘાત કર્યો ત્યારે અમે રજૂઆત કરી હતી કે બિલ્ડીંગમાં રેલીંગ વ્યવસ્થીત કરવી જોઇએ અને છાત્રો આવા પગલા ન ભરે તે માટે કાઉન્સેલીંગ કરવું જોઇએ. ત્યારે અમને શાંતિથી સાંભળવામાં આવ્યા હતાં.

વધુમાં જણાવાયુ.હતું કે શુક્રવારે વધુ એક આપઘાતની ઘટના બનતાં અમે ફરી રજૂઆત કરવા પહોંચ્યા હતાં. ત્યારે અંદર અમને કાર્યકરોને જવા દેવામાં આવ્યા નહોતાં. ત્યાંના રજીસ્ટ્રાર રજૂઆત સાંભળવા બહાર આવ્યા હતાં. આ પછી અમે કાર્યકરોએ અંદર જવાનો પ્રયાસ કરતાં પોલીસ આવી ગઇ હોઇ પોલીસ સાથે ઝપાઝપી થઇ હતી. અમને કાર્યકરોને પોલીસ સ્ટેશને લઇ જવાયા હતાં. આ રજૂઆતમાં પુષ્પરાજસિંહ ઝાલા, વત્સલભાઇ ગઢવી, પ્રિન્સભાઇ વ્યાસ, રાજવિરસિંહ ઝાલા, ધરમભાઇ દોઢીયા સહિતના જોડાયા હતાં.

### પહેલો સગો પાડોશી હોય પણ અહિ તો આઠ આઠ મહિનાથી પાડોશી બન્યા'તા ત્રાસરૂપ

# 'ચડ્ડા'ને કારણે બોલી ગઇ બાકાઝીકીઃ પાંચ જણા ઘાયલ

## મવડીની શ્રીનાથજી સોસાયટીમાં બનાવઃ દંપતિ, પુત્રીને પાંચ પાડોશીએ છરી-ધોકાથી ફટકાર્યાઃ સામે પણ બે જણા ઘાયલ થયાઃ પાડોશી આઠેક મહિનાથી મોડી રાત સુધી બેઠા રહેતાં હોઇ અને ચડ્ડા પહેરીને બેસતાં હોઇ સમજાવવા જતા ઉશ્કેરાઇ ગયાઃ માલવીયાનગર પોલીસે દાખલ કરી સામસામે એફઆઇઆર

રાજકોટ તા. ૨૫

શહેરમાં જુદા જુદા કારણોસર લોકો વચ્ચે બાકાઝીકી બોલી જવાની ઘટનાઓ રોજીંદી છે. ઘણીવાર નહિ જેવી વાતે તો ઘણીવાર લોકો લાંબો સમયથી ચાલતી તકરારને કારણે કે હેરાનગતિને કારણે મારામારી પર ઉતરી આવતાં હોય છે. આવી જ એક ઘટના મવડી પ્લોટ શ્રીનાથજી સોસાયટીમાં બની હતી. અહિ રહેતાં પરિવારના યુવાને પોતાના ઘરની સામે જ આઠેક મહિનાથી રોજ રાતે બેસી રહી દેકારા કરતાં અને ચડ્ડા પહેરીને બેસી જતાં શખ્સોને સમજાવવા છતાં તે સમજતા ન હોઇ ફરીથી ચડ્ડો પહેરીને બેસવા મામલે બોલાચાલી થતાં સામ સામે ધોકા-પાઇપ-છરીથી મારામારી થતાં બંને પક્ષના પાંચને ઇજા પહોંચી હતી. યુવાને તમને ના પાડી તો'ય કેમ દેકારો કરો છો ને ચડ્ડા પહેરીને બેસો છો તેવુ કહેતાં પાડોશી ખાર ખાઇગયા હતાં અને તૂટી પડ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો રજપૂત યુવાને પોતાના ઘર સામે દરરોજ રાતે ભેગા થઇ દેકારો કરતાં અને ચડ્ડો પહેરીને બેસતા શખ્સને ટપારતાં પાંચ જણાએ ટોળકી રચી છરી, ધોકાથી હુમલો કરતાં રજપૂત પરિવારના દંપતિ, પુત્રીને ઇજા થઇ હતી. સામે પક્ષે પણ હુમલો કરનાર અને તેના ભાણેજને ઇજા થતાં સારવાર લીધી હતી. આ બનાવમાં માલવીયાનગર પોલીસે સામ-સામે ગુના દાખલ કર્યા છે. જેમાં શ્રીનાથજી સોસાયટી-૪માં રહેતાં અડતાલીસ વર્ષના મુકેશભાઇ ભાણજીભાઇ રાઠોડની ફરિયાદ પરથી તેમના પાડોશમાં જ રહેતાં પ્રદિપ ઉર્ફે લાલો અવાડીયા, જીત પ્રદિપ ઉર્ફે લાલો અવાડીયા, ચંદુભાઇ, સાવન ચંદુભાઇ, અક્ષીત ચંદુભાઇ સામે ગુનો નોંધ્યો હતો.

સારવાર માટે દાખલ થયેલા મુકેશભાઇ રાઠોડ ઇમલા પાડવાનું કામ કરે છે અને પરિવાર સાથે રહે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે મારા પત્નિનું નામ નીતા છે અને સંતાનમાં એક દિકરો રવિ તથા એક દિકરી ભાવીકા છે. અમારા ઘરની સામે પ્રદિપ ઉર્ફે લાલો તેના પરિવાર સાથે રહે છે. ગુરૂવારે ૨૪મીએ રાતે સાડા દસેક વાગ્યે અમે બધા ઘરની અગાસી પર હતાં ત્યારે પ્રદિપ તથા તેની બાજુવાળા કેશુભાઇ મેર તેમના ઘરની સામે બેઠા હતાં.

કેશુભાઇએ ચડ્ડો પહેરેલો હોઇ જેથી મારા દિકરા રવિએ અમારા ઘરની અગાસી પરથી કેશુભાઇને કહેલું કે-તમને કેટલીવાર કીધું છે



કે મોડી રાત સુધી આ રીતે બેસવું નહિ, ચડ્ડો પહેરવાની પણ તમને ના પાડી છે. આમ મારા દિકરાએ કહેતાં તેની સાથે તે બોલાચાલી કરવા માંડ્યા હતાં. આથી હું, રવિ અગાસીએથી નીચે ઉતરી પ્રદીપ ઉર્ફે લાલો અને કેશુભાઇને સમજાવવા જતાં તેણે ઝઘડો ચાલુ કર્યો હતો. પ્રદિપ ઉર્ફે લાલો સળીયો લઇને આવ્યો હતો. પાછળ તેનો દિકરો સાવરણી લઇને આવ્યો હતો. આ દરમિયાન મારા પત્નિ, દિકરી પણ આવી ગયા હતાં અને પ્રદિપને સળીયો મુકાવી દીધો હતો.

આ પછી ઉગ્ર બોલાચાલી થતાં પ્રદિપ, જીત, ઝપાઝપી રાડારાડી કરવા માંડ્યા હતાં. ત્યાં પ્રદિપના બે સગા ભાણેજ સાવન, અક્ષિત આવી ગયા હતાં. તેના હાથમાં છરી ધોકા હતાં. આ બધાએ મળી હુમલો કરી મને ખભા ઉપર છરી મારી દીધી હતી અને ધોકાથી હુમલો કરી મારકુટ કરી હતી.મ ારા પત્નિ નીતા વચ્ચે પડતાં તેને પણ છરી ધોકાથી ઇજા પહોંચાડી હતી. તેમજ મારા દિકરીને પણ વાંસામાં મુંઢ માર માર્યો હતો. માણસો ભેગા થઇ જતાં લોકો ભેગા થઇ જતાં કોઇએ ૧૦૮ બોલાવતાં હું અને મારા પત્નિ સિવિલ હોસ્પિટલે દાખલ થયા હતાં. મને ગળા પર ટાંકા લીધા હતાં.

મારા પત્નિને અંગુઠામાં ફ્રેકચર હોવાનું ડોક્ટરે નિદાન કર્યુ હતું. અમે હોસ્પિટલે આવ્યા પછી પાછળથી અમારા ટુવ્હીલરમાં પણ આ લોકોએ તોડફોડ કરી હતી. પ્રદીપ અને તેનો પાડોશી કેશુ રોજ મોડી રાત સુધી બેસી દેકારો કરતાં હોઇ, માણસો ભેગા કરતાં હોઇ અને કેશુ ચડ્ડા પહરેની બેસતો હોઇ તેને આવુ ન કરવા સમજાવવા છતાં આઠેક મહિનાથી તે માનતા નહોતાં. ગુરૂવારે રાતે ફરીથી સમજાવતાં ઉશ્કેરાઇ જઇ ધોકા, છરીથી હુમલો કર્યો હતો.

આ મારામારીમાં સામા પક્ષે આડત્રીસ વર્ષના પ્રદિપભાઇ ઉર્ફે લાલો મુળુભાઇ અવાડીયાની ફરિયાદ પરથી રવિ મુકેશભાઇ રાઠોડ અને મુકેશભાઇ રાઠોડ વિરૂધ્ધ ગુનો નોંધાયો છે. પ્રદિપભાઇ આનંદ બંગલા ચોકમાં ધારા ગેસમાં નોકરી કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે રાતે હું અને પાડોશી કેશુભાઇ મારા ઘર પાસે બેઠા હતાં ત્યારે પાડોશી મુકેશભાઇના દિકરા રવિએ અગાસીએથી રાડો પાડી કહહેલું કે મારા ઘરની સામે ચડ્ડા પહેરીને બેસો નહિ. જેથી કેશુભાઇએ ચડ્ડો પહેર્યો હોઇ તેણે રવિને કહેલું કે અમે શાંતિથી બેઠા છીએ, કોઇ ખરાબ કામ નથી કરતાં, શા માટે બેસવાની ના પાડો છો?

આ સાંભળી રવિ છરી લઇ ધસી આવ્યો હતો અને ગાળો દઇ અમને ઘરમાં જતાં રહેવાનું કહ્યુ હતું. જેથી અમે તેને અમારો શું વાંક છે? કહેતાં તેણે છરીથી હુમલો કરતાં મને જમણી આંખ ઉપર કપાળે ઇજા થઇ હતી. હું પડી ગયો હતો. ત્યાં રવિના પપ્પા મુકેશભાઇએ પાઇપ સાથે આવી મને ઘા મારી દીધો હતો. જેથી લોહી નીકળવા માંડ્યા હતાં. દેકારો થતાં મારા ભાણેજો આવી ગયા હતાં અને મને સારવાર માટે ખસેડ્યો હતો. માલવીયાનગર પીઆઇ જે. એમ. કૈલાના માર્ગદર્શનમાં પીએસઆઇ જે. જે. ગોહિલ અને ટીમે બંને ફરિયાદ દાખલ કરી હતી.

### સહન શક્તિનો અભાવ કે ઉતાવળા પગલાઃ દામ્પત્ય જીવનમાં તકરારને કારણે બે લાલબત્તી સમાન ઘટના

# પતિ સાથે ચડભડ થઇ ને પત્નિ ૯મા માળેથી કૂદી ગઇ

## રેલનગરની પરિણીતા સાંજે એસઆરપી કેમ્પ પાસે માવતરના ઘરે આવી અને લગાવી દીધી મોતની છલાંગઃ બીજી ઘટનામાં પતિના ત્રાસથી માલિયાસણ રીસામણે આવેલી પરિણીતાએ ઝેરી ટીકડીઓ પી જીવ દેવાનો પ્રયાસ કરતાં સારવાર હેઠળ

અમદાવાદ, તા.૨૫

દામ્પત્ય જીવનમાં પતિ-પત્નિ વચ્ચે નાની મોટી વાતે બોલાચાલી કે પછી ચડભડ થતાં રહે છે અને તણખા ઝરતા રહે છે. પણ પછી બધુ સમુનમુ થઇ જતું હોય છે. જો કે ઘણીવાર વાત વણસી જાય તો તેનું માઠુ પરિણામ આવતું હોય છે. ઘણીવાર દંપતિઓ વચ્ચે થતી માથાકુટમાં પતિ કે પત્નિ આઘપાત કે આપઘાતનો પ્રયાસ કરતાં હોય છે. આવી વધુ બે ઘટના સામે આવી હતી. જમાં એક બનાવમાં પરિણીતાને પતિ સાથે ઝઘડો થતાં રેલનગર સાસરેથી જામનગર રોડ પર એસઆરપી કેમ્પ પાસે માવતરના ઘરે આવી હતી. અહિ પહોચ્યા બાદ તુરત નવમા માળેથી મોતની છલાંગ લગાવી દીધી હતી. બીજા બનાવમાં એક પરિણીતા પતિના ત્રાસથી માલિયાસણ માવતરે આવી હોઇ અહિ ઝેરી ટીકડીઓ પી લેતાં સારવાર માટે દાખલ કરાવમાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો રેલનગરમાં સાસરૂ ધરાવતી પરિણીતાએ એસઆરપી કેમ્પ સામે આવેલા એપાર્ટમેન્ટમાં માવતરના ઘરે આવ્યા બાદ નવમા માળેથી કૂદીને મોત મેળવી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. પતિ-પત્નિ વચ્ચે શંકા બાબતે ચડભડ થતાં સાંજે જ તેણીને પિતા તેના સાસરેથી પોતાના ઘરે તેડી આવ્યા હતાં. એ પછી તરત જ તેણીએ આ પગલુ ભરી લીધુ હતું. આપઘાતના બીજા જ દિવસે એટલે શુક્રવારે તેણીને જન્મદિવસ હતો. આ દિવસનો આગલો દિવસે તેણે મરણ દિવસ બનાવી લીધો હતો.

વિશેષ માહિતી અનુસાર રેલનગરમાં પલ હોસ્પિટલ પાછળ મધુવન-૧માં રહેતી માનસીબેન મિલનભાઇ આંબલીયા નામની ત્રેવીસ વર્ષની વાળંદ પરિણીતાએ સાંજે સાડા છથી પોણા સાતની વચ્ચે જામનગર રોડ એસઆરપી કેમ્પની સામે નવા દોઢસો ફુટ રીંગ રોડ પર વર્ધમાન ગ્રીન એપાર્ટમેન્ટ સી-૯૦૨ ખાતેના નવા માળેથી છલાંગ લગાવી દેતાં ગંભીર હાલતમાં એઇમ્સ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ ત્યાં સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. બનાવની જાણ એઇમ્સ હોસ્પિટલ પોલીસ ચોકી ખાતેથી કોન્સ. પ્રિતેશભાઇ શૈલેષભાઇએ કરતાં યુનિવર્સિટી



પોલીસ સ્ટેશનના એએસઆઇ રમેશભાઇ વાઘેલા સહિતના સ્ટાફે પહોંચી કાર્યવાહી કરી હતી.

પોલીસે એઇમ્સ ખાતેજ મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. પીએસઆઇ એચ. એમ. ચાવડા પણ પહોંચ્યા હતાં. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર માનસીબેનના લગ્ન ત્રણ વર્ષ પહેલા રેલનગર મધુવનમાં રહેતાં મિલનભાઇ આંબલીયા સાથે થયા હતાં. તેણીને સંતાન નથી. પતિ મિલનભાઇ રેલનગરમાં હેર શલૂન ચલાવે છે. ગત સાજે પતિ-પત્નિ વચ્ચે ચડભડ થઇ હતી. પતિ પર કોઇ વાતે શંકા થતાં બંને વચ્ચે બોલાચાલી થઇ હતી. આ પછી માનસીબેને માવતરને જાણ કરતાં તેણીના પિતા તેને સાંજે જ રેલનગરથી પોતાના ઘરે વર્ધમાનનગરના પોતાના ફ્લેટ ખાતે તેડી લાવ્યા હતાં.

માવતરે પહોંચ્યાની થોડી જ મિનીટો બાદ તેણીએ નવમા માળેથી છલાંગ લગાવી દીધી હતી. જેના કારણે ગંભીર ઇજા થઇ હતી અને સારવાર માટે ખસેડાઇ હતી. પરંતુ દમ તોડી દીધો હતો. દંપતિ વચ્ચે નજીવી વાતે ચડભડ થતાં ત્રણ જ વર્ષના દામ્પત્ય જીવનનો કરૂણ અંત આવી ગયો હતો. કરૂણતા એ છે કે જન્મદિવસના આગલા દિવસે જ તેણીએ આપઘાત કરી લીધો હતો. આમ આ ઘટનામાં દંપતિ વચ્ચે થયેલી નહિ જેવી તકરારે ગંભીર સ્વરૂપ પકડી લેતાં પત્નિના આપઘાત સાથે દામ્પત્ય જીવનનો કરૂણ અંત આવી ગયો હતો.

બીજી એક આપઘાતના પ્રયાસની ઘટના જોઇએ તો કોઠારીયા સોલવન્ટમાં સાસરૂ ધરાવતી અને હાલ માલીયાસણમાં માવતરે રીસામણે રહેતી બત્રીસ વર્ષની રીઝવાનાબેન સતારભાઇ ખેબર નામની પરિણીતાએ સાંજે ઝેરી ટીકડીઓ પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં પોલીસે કાર્યવાહી કરી હતી.

વિશેષ વિગતો અનુસાર બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને કરી હતી. રીઝવાનાબેન હાલ માલીયાસણ ખાતે માતા ઝરીનાબેન ઇશાભાઇ ભાલવાણીના ઘરે રીસામણે છે. તેણીના લગ્ન દસ વર્ષ પહેલા થયા છે અને સંતાનમાં પાંચ વર્ષનો દિકરો છે. તેણીના માતા ઝરીનાબેને આક્ષેપ કર્યો હતો કે દિકરી રીઝવાનાને તેનો પતિ સતાર ઘણા સમયથી દારૂ પી ત્રાસ આપે છે.

આ કારણે તેણી ત્રણ મહિનાથી મારા ઘરે રીસામણે આવી છે. હવે તેણીનો પતિ ફોન કરીને પોતાના દિકરાને લઇ જશે તેમ કહી ધમકી આપતો હોઇ તેના કારણે તેણીએ ઘઉંમાં રાખવાની ટીકડી પી લીધી છે. પતિ સતાર ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેમ વધુમાં ઝરીનાબેને જણાવ્યું હતું. આક્ષેપો અંગે કુવાડવા રોડ પોલીસે તપાસ હાથ ધરી હતી.

### ઓનલાઈન છેતરી લેવાની ઘટનાઓનો રાફડો ફાટ્યોઃ લાગલગાટ પાંચ બનાવો

# ટાસ્ક, APK ફાઈલ, પેટીએમ કંપનીના નામે લાખોના ફ્રોડ

### ડિજિટલ કંકોત્રીના નામે ફેક એપીકે ફાઈલ મોકલીને ૬.૩૮ લાખ, ટેલિગ્રામ પર ટાસ્ક અને ટ્રેડિંગમાં નફાની લાલચ આપીને ૫.૭૫ લાખ, ફેસબુક પર બેંક પેન્શન કાર્ડની જાહેરાત મૂકીને ૪,૯૯ લાખ, ગેસનું બિલ અપડેટ કરવાના નામે ૯૪ હજાર અને પેટીએમ ચાર્જ ઝીરો કરવાના બહાને ૪૮ હજારની ઠગાઈ

રાજકોટ, તા. ૨૫

સાયબર ગઠીયાઓ બેફામ બનીને લોકોને છેતરી પોતાના ગજવા ભરી રહ્યા છે. સતત રોજેરોજ આવી ઘટનાઓ સામે આવતી જ રહે છે. વધુ પાંચ કિસ્સાઓમાં સાયબર ગઠીયાઓએ આમંત્રણ પત્રિકાની એપીકે ફાઈલ, ટેલીગ્રામ ટાસ્ક, ફેક લિંક, ગેસ કનેક્શન કાપવાની ધમકીના નામે લાખો પડાવી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદમાં સાયબર ફ્રોડની પાંચ ઘટનાની અલગ અલગ પોલીસ ફરિયાદ નોંધાઈ છે, જેમાં ડિજિટલ કંકોત્રીના નામે ફેક એપીકે ફાઈલ મોકલીને ૬.૩૮ લાખ, ટેલિગ્રામ પર ટાસ્ક અને ટ્રેડિંગમાં નફાની લાલચ આપીને ૫.૭૫ લાખ, ફેસબુક પર બેંક પેન્શન કાર્ડની જાહેરાત મૂકીને ૪,૯૯ લાખ, અદાણી ગેસનું બિલ અપડેટ ન હોવાથી કનેક્શન કાપી નાખવાનો ડર બતાવીને ફેક લિંકથી ૯૪ હજાર અને રૂબરૂ પેટીએમ કંપનીના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી ચાર્જ ઝીરો કરવાના બહાને રૂ.૪૯ હજારની છેતરપિંડી કરી હતી. મેઘાણીનગરમાં રહેતા એકોતેર વર્ષીય નંદકિશોર ગોરધનભાઈ ટાંકના મોબાઈલ પર કોઈ ઓળખીતાના હેક થયેલા વોટ્સએપ નંબર પરથી લગ્ન કંકોત્રીના નામે એક એપીકે ફાઈલ આવી હતી.

જેને ડાઉનલોડ અને ઇન્સ્ટોલ કરતાં સાયબર ગઠિયાએ તેમના મોબાઈલનો એક્સેસ લઈ લીધો હતો. ત્યારબાદ ગઠિયાએ આઈડી-પાસવર્ડની ચોરી કરી અને ઓટીપી બાયપાસ કરીને વૃદ્ધની જાણ બહાર તેમના બેંક એકાઉન્ટમાંથી રોજ જુદા-જુદા ટ્રાન્ઝેક્શનથી ૬,૩૮,૫૭૮ અન્ય બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા. બેંકમાંથી મેસેજ આવતા છેતરપિંડીની જાણ થવાથી વૃદ્ધે તેમના પુત્ર સાથે મળીને સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર જાણ કરી હતી અને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અન્ય ઘટના જોઈએ તો રાણીપમાં રહેતા અને ગ્રાફિક્સ ડિઝાઈનિંગનું કામ કરતા ૪૨ વર્ષીય જીગ્નેશ રજનીકાન્ત મકવાણા સાથે ટેલિગ્રામ પર ટાસ્ક અને ટ્રેડિંગના બહાને ફ્રોડ થયો હતો. અલગ અલગ આઈડી પરથી ઠગે અલગ અલગ ટેલિગ્રામ ગ્રુપમાં એડ કર્યા હતા.

શરૂઆતમાં રિવ્યુ ટાસ્કના બદલામાં




નાનો પ્રોફિટ આપી તેમનો વિશ્વાસ જીત્યો હતો. એ પછી વધુ નફાની લાલચ આપી કંપનીના નામની ફેક વેબસાઈટ્સ પર ટ્રેડિંગના બહાને ફરિયાદી અને તેમની પત્નીના એકાઉન્ટમાંથી ૬,૦૧,૯૬૨ જમા કરાવડાવ્યા હતા. ટ્રેડિંગમાં નફો બતાવ્યા બાદ જ્યારે ફરિયાદીએ રૂપિયા ઉપાડવાનો -યત્ન કર્યો ત્યારે આરોપીઓએ એકાઉન્ટ ફ્રીઝ થવાનું અને ખોટી રીતે રકમ ઉપાડવા તથા ક્રેડિટ પોઈન્ટ ઓછા હોવાનું બહાના કાઢીને ઠગે વધુ રૂપિયા માગણી કરી હતી. આમ, કુલ રોકાણમાંથી શરૂઆતમાં પાછા ૨૬,૧૧૮ મળ્યા હતા. જે બાદ ૫,૭૫,૮૪૪ ઠગે પાછા ના આપતા ભોગ બનનારે પોલીસ ફરિયાદ કરી હતી

જ્યારે મકરબામાં રહેતા બોંતેર વર્ષીય નિવૃત્ત બેંકકર્મી પ્રદીપકુમાર રવજીભાઈ રૈયારેલાએ ફેસબુક પર બેંક ઓફ બરોડા પેન્શન કાર્ડની જાહેરાત જોઈને ઓનલાઈન અરજી કરી હતી.જે બાદ તેમને ફોન આવ્યો હતો અને ઠગે કાર્ડ એ-વ થયાનું કહી તેમની પાસેથી નામ, સરનામું અને તેમના બેંક ઓફ બરોડાના સેવિંગ એકાઉન્ટની માહિતી લઈ લીધી હતી. ત્યારબાદ બપોરે બેન્ક એકાઉન્ટમાંથી ૪,૯૯,૫૦૦નું ઓનલાઈન ટ્રાન્જેક્શન થયું હતું. પોતાની સાથે થયેલા આ સાયબર ફ્રોડ અંગે જાણ થતાં તેમણે તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર જાણ કરી અને પછી પોલીસ ફરિયાદ કરી છે. અન્ય ઠગાઈમાં પાલડીમાં રહેતા અને કપડના વેપારી અડતાલીસ વર્ષીય હસમુખભાઈ શાહને તારીખ ૨૫ ઓગસ્ટના રોજ અદાણી ગેસના નામે એક અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો.

જેમાં જણાવવામાં આવ્યું હતું કે બિલ અપડેટ ન હોવાથી રાત્રે ગેસ કનેક્શન બંધ કરી દેવામાં આવશે. ફરિયાદીએ તેમાં આપેલા નંબર પર સંપર્ક કરતા સામેવાળા વ્યક્તિએ બિલ અપડેટ કરવા રૂપિયા ૧૦ ટ્રાન્સફર કરવાનું કહી એક લિંક મોકલી હતી, જે ખોલીને ફરિયાદીએ પોતાના એઝજદ બેંકના ડેબિટ અને ક્રેડિટ કાર્ડની વિગતો ભરી દીધી હતી. જોકે, તેમની દીકરીએ ફ્રોડની શંકા વ્યક્ત કરતા તેમણે તરત જ પોતાના કાર્ડ બંધ કરાવી દીધા હતા. આમ છતાં, તારીખ ૭ સપ્ટેમ્બરે રોજ બપોરે તેમના પત્ની બીનલબેનના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ૯૪,૯૨૦ અને હસમુખભાઈના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ૧૦,૦૦૦ સહિત કુલ ૧,૦૪,૯૮૦ ટ્રાન્સફકર કરી લીધા હતા. જે અંગે તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આ ઉપરાંત પાંચમા બનાવમાં નવા વાડજમાં રહેતા બાંસઠ વર્ષીય પ્રભાબેન રામભાઈ પટેલ ઘરે યુગ પાન પાર્લર ચલાવે છે .એક્ટિવા પર આવેલા ૩૫થી ૪૦ વર્ષના બે શખ્સોએ પોતાને પેટીએમ કંપનીના કર્મચારી તરીકે ઓળખ આપી હતી. પેટીએમનો માસિક ચાર્જ ઝીરો કરી આપવાની લાલચ આપી હતી. તેમણે પ્રભાબેન પાસે ૧ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન કરાવ્યું અને મોબાઈલ પોતાના હાથમાં લઈ કોઈ પ્રોસેસ કરી ૨૪ કલાકમાં સ્કીમ એક્ટિવેટ થવાનું કહી જતા રહ્યા હતા.

પરંતુ બીજા દિવસે આ બંને શખ્સો ફરી આવ્યા અને ઓટીપી ચેક કરવાના બહાને ફરીથી મોબાઈલ અનલોક કરાવી પ્રોસેસ કરી પાછો આપ્યો હતો. તે પછી બીજા દિવસે પ્રભાબેનના પેટીએમ સાથે લિંક બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂપિયા ૪૯,૯૯૯ કપાઈ ગયાનો મેસેજ આવતા છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી. આ બાબતે તેમના પુત્ર દીપકે પોલીસ ફરિયાદ કરી હતી. આમ પાંચ અલગ અલગ ઓનલાઇન ઠગાઇ થઇ ગઇ હતી.

---

# આઈશરમાં એક બચ્ચા સહિત દસ ભેંસને ક્રુરતાથી બાંધીને લઇ જતો શખ્સ પકડાયો

### ગૌરક્ષક-પોલીસની કાર્યવાહીઃ બોટાદ પંથકના શખ્સની સામે કાર્યવાહી

રાજકોટ તા. ૨૫

અબોલ પશુઓ પર થતી ક્રૂરતા અને ગેરકાયદેસર હેરાફેરી સામે ગૌરક્ષકો અને પોલીસે કાર્યવાહી કરી છે. કટારીયા ચોકથી એઈમ્સ હોસ્પિટલ તરફ જતાં રસ્તેથી એક આઇશર ટ્રક પકડી લેવાયો હતો. જેમાં ૯ ભેંસ અને ૧ ભેંસના બચ્ચાને ખીચોખીચ ક્રુરતાથી આઇશરમાં બાંધી લઇ જતાં બોટાદના શખ્સને પકડી લેવાયો હતો.આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે મવડી ૧૫૦ રીંગ રોડ ઉમિયા ચોક પ્રમુખનગર-૧માં રહેતાં જીવદયા કાર્યકર કિશનભાઇ બલભદ્રભાઇ લશ્કરીની ફરિયાદ પરથી બોટાદના ગઢડા તાબેના કેરાળા ગામના જયેશ હામાભાઇ અલગોતર વિરૂધ્ધ પશુ પ્રત્યે ઘાતકીપણાનો ગુનો નોંધ્યો હતો.



આ બારામાં કિશનભાઇ જીવદયાનું કાર્ય કરે છે અને ટ્રાન્સપોર્ટના ધંધા સાથે પણ સંકળાયેલા છે. ફરિયાદમાં જણાવાયું છે કે જામનગરના ગૌરક્ષક મિત્ર જે. ડી. આહિર તરફથી કિશનભાઇને ચોક્કસ બાતમી મળી હતી. બાતમીમાં જણાવવામાં આવ્યું હતું કે આઈશર ગાડી જીજે૩૩ટી-૯૯૦૩માં ભેંસોને ટૂંકા દોરડા વડે બાંધીને, ઘાસચારા કે પાણીની કોઈ વ્યવસ્થા વિના ગેરકાયદેસર રીતે ધુલિયા તરફ લઈ જવામાં આવી રહી છે. આ બાતમી મળતાં જ કિશનભાઈ તથા અન્ય ગૌરક્ષકોએ માધાપર ચોકડી ખાતે વોચ તપાસ શરૂ કરી હતી. આ પછી માહિતી મળી કે આ શંકાસ્પદ ગાડી મેસુરભગત ચોકથી આગળ કટારીયા ચોક એઇમ્સ રોડ તરફ જઈ રહી છે. આ અંગે તુરંત જ ૧૧૨ નંબર પર કોલ કરી જાણ કરવામાં આવતાં પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશનના પી.સી.આર. વાનના પોલીસકર્મી જસવંતિબેન ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. પોલીસ અને ગૌરક્ષકોએ સંયુક્ત રીતે ગાડીને રોકી ડ્રાઈવરની પૂછપરછ કરી હતી.

ડ્રાઈવરે સંતોષકારક જવાબ ન આપતાં ગાડીના પાછળના ભાગે મારેલા પાટીયા અને બાંધેલી તાલપત્રી ખોલીને તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આઈશર ગાડીની અંદરથી ૯ ભેંસ વંશના પશુઓ જેમાં ૧ નાનુ બચ્ચયુ મળી ૧૦ જીવો અત્યંત ક્રૂરતાપુર્વક ખીચોખીચ ભરેલા મળી આવ્યા હતા. આ તમામ પશુઓના ગળા અને પગ ટૂંકી દોરીઓ વડે બાંધેલા હતા તેમજ ગાડીમાં તેમના માટે ઘાસચારો કે પીવાના પાણીની કોઈ જ સુવિધા રાખવામાં આવી નહોતી. પોલીસે સ્થળ પરથી આઈશરના ડ્રાઈવરની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ જયેશ હામાભાઈ અલગોતર (રહે. ગામ કેરાળા, તા. ગઢડા, જી. બોટાદ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે ગુનો નોંધી રૂા. ૯૫ હજારના ૧૦ ભેંસ વંશને મુક્ત કરાવી ૫ લાખની ગાડી કબ્જે કરી હતી. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનનાં પીએસઆઇ એમ. એસ. મહેશ્વરીએ ફરિયાદ દાખલ કરી હતી.

---

### બે મહિના પહેલા મેલીવિદ્યા કોચીંગ સેન્ટરના નામે પોસ્ટર લગાડી સોસાયટીના ગ્રુપમાં ફોટા વહેતા કરતાં ફરિયાદ કરી હોઇ તેનો ખાર હતો

# રેલનગરમાં યુવાનને બે કારને મધરાતે સળગાવી દેવાઈ

### દ્વારિકા વિલજેમાં બનાવઃ અહિ જ રહેતો શખ્સ સીસીટીવીમાં કેદ થતાં પ્રધુમનનગર પોલીસને જાણ કરવામાં આવી

રાજકોટ તા. ૨૫

અમુક લોકો બીજાને કોઇને કોઇ રીતે હેરાન કરવા માટે કોઇપણ હદ સુધી જતાં હોય છે. આવો જ એક કિસ્સો સામે આવ્યો હતો. જેમાં શહેરના રેલનગરમાં સાધુ વાસવાણી કુંજ રોડ પર દ્વારિકા વિલેજમાં રહેતાં અને પ્રાઇવેટ નોકરી કરતાં યુવાન તથા તેના પત્નિને આ એપાર્ટમેન્ટમાં જ રહેતાં એક શખ્સ દ્વારા એક વર્ષથી પરેશાન કરવામાં આવતાં હોઇ આ શખ્સે વધુ એક વખત આ યુવાનને હેરાન પરેશાન કરવાના ઇરાદે તેની બે મોટરકાર સળગાવી નાંખી હતી. રાતે આ યુવાનની કારમાં કોઇ પ્રવાહી છાંટી સળગાવી દેતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. અગાઉ આ શખ્સે યુવાન અને તેના પત્નિના નામ સાથેના પોસ્ટરો જાહેરમાં ચીપકાવી દીધા હતાં. જેમાં મેલીવિદ્યા કોચીંગ સેન્ટર એ પ્રકારનું લખાણ હતું. તેમજ તેણે સોસાયટીના વ્હોટસએપ ગ્રુપમાં પણ યુવાનના પત્નિના ફોટા વાયરલ કરી લખાણ વહેતુ કર્યુ હોઇ બે મહિના પહેલા તેના વિરૂધ્ધ ફરિયાદ કરી હોઇ તેનો ખાર રાખી કાર સળગાવાયાનું જણાવાયું હતું.





વિગતો જોઇએ તો રેલનગર દ્વારિકા વિલેજ એ-૪૦૩માં રહેતાં અને પ્રાઇવેટ નોકરી કરતાં આડત્રીસ વર્ષના વિશાલભાઇ ચંદુભાઇ હિરાણી નામના યુવાને જણાવ્યું હતું કે હું પરિવારમાં મારા પત્નિ રૂતુજાબેન અને બે દિકરા સાથે રહુ છું. હું હાર્ડવેર કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરુ છું. મારી પાસે હુન્ડાઇ કંપનીની બે ઓરા કાર છે. જેમાં એક જીજે૦૩એનએફ-૬૩૦૭ મારા નામે છે અને બીજી જેજે૦૩એલએમ-૭૧૫૦ મારા ભાણેજ કિશનભાઇ ગોહેલના નામે છે. ગુરૂવારે રાતે સાડા દસેક વાગ્યે મેં બંને કાર અમારા બિલ્ડીંગના પાર્કિંગમાં રાખી હતી.

ત્યારપછી રાતે અઢી વાગ્યા આસપાસ અમારા ઘરની ડોરબેલ વાગતાં મેં જાગીને જોતાં પાડોશી ભગીરથભાઇ હતાં. તેણે કહેલું કે તમારી બંને કારમાં આગ લાગી છે. જેથી હું તુરત નીચે ગયો હતો. થોડીવારમાં સોસાયટીના બીજા રહેવાસીઓ ભેગા થઇ ગયા હતાં. કોઇએ ફોન કરતાં પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ આવી ગઇ હતી. આગ કોણે લગાવી છે તે જાણવા અમે સોસાયટીના પાર્કિંગમાં લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરતાં અમારી વીંગમાં એ-૨૦૪માં રહેતાં હાર્દિકભાઇ પોપટ મારી બંને કારમાં કોઇ પ્રવાહી છાંટી દિવાસળી મુકી આગ લગાડતો જોવા મળ્યો હતો. હાર્દિકભાઇ મહેશકુમાર પોપટ વિરૂધ્ધ મેં બે મહિના પહેલા પ્ર.નગર પોલીસમાં ફરિયાદ લખાવી હતી.

તેનો ખાર રાખી તેણે મારી કાર સળગાવી નાંખ્યાનું લાગે છે. તેમ વધુમાં વિશાલભાઇ હીરાણીએ જણાવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. વિશાલભાઇએ વધુમાં જણાવ્યું હતું કે ૨૦૨૫માં હાર્દિક મારી સાથે ચડભડ કરી હતી. પછી મારી કાર સાથે અકસ્માત સર્જયો હતો. ત્યારબાદ અમારા બિલ્ડીંગ બહાર પોસ્ટરો લગાવ્યા હતાં જેમાં વશીકરણ કોચીંગ સેન્ટર એ સહિતના લખાણ લખી મારા અને મારા પત્નિના મોબાઇલ નંબર લખી નાંખ્યા હતાં. આ ઉપરાંત સોસાયટીના વ્હોટ્સએપ ગ્રુપમાં પણ મારા પત્નિનો ફોટો વહેતો કરી તેમાં ખરાબ લખાણ લખ્યું હતું. આ કારણે મેં બે મહિના આ મામલે પ્ર.નગરમાં ફરિયાદ નોંધાવી હોઇ તેનો ખાર રાખી હવે કાર સળગાવી હતી. તેમ વધુમાં જણાવાતા તપાસ શરૂ થઇ હતી.

---

### પાંચ પરિવારોએ સ્વજનો ગુમાવી દેતાં આઘાતમાં થઇ ગયા ગરક

# યુવાન પર તેના જ ટ્રકના વ્હીલ ફરી વળતાં જીવ ગયો

### એક વૃધ્ધાનું બાથરૂમમાં પડી ગયા બાદ મૃત્યુઃ એક યુવાનનું હૃદય બંધ પડવાથી અને એક આધેડ તથા એક પ્રૌઢના બેભાન થઇ ગયા બાદ મોત

રાજકોટ તા. ૨૫

અપમૃત્યુના રોજબરોજ બની રહેલા બનાવો વચ્ચે વધુ પાંચ લોકોના મૃત્યુ થતાં પરિવારોમાં શોક છવાઇ ગયો હતો. એક યુવાન ટ્રકમાં માલ લોડ કરાવતો હતો ત્યોર તેના જ ટ્રકના વ્હીલ તેના પર ફરી વળતાં મોત થયું હતું. અન્ય બનાવમાં એક વૃધ્ધા ઘરમાં પડી જતાં તેમના શ્વાસ થંભી ગયા હતાં. અન્ય ત્રણ બનાવમાં હૃદય રોગના હુમલાથી એક યુવાનનું અને બેભાન થઇ જતાં યુવાન અને પ્રૌઢના મૃત્યુ થયા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો વાંકાનેર તાબેના માટેલમાં આવેલી ફેક્ટરી ખાતે ટ્રકમાં માલ ભરવા આવેલા મુળ એમપીના યુવાનનું પોતાના જ ટ્રકના વ્હીલ નીચે આવી જતાં ગંભીર ઇજા થવાથી મોત થયું છે. ટ્રકમાં માલ લોડ થતો હતો ત્યારે ટ્રક એકાએક રળી જતાં આ બનાવ બન્યાનું જણાવાયું હતું. વાંકાનેરના માટેલમાં સરતાનપર રોડ પર રીચ વીક્ટ્રીફાઇ કંપની નામની ટાઇલ્સ ફેકટરી ખાતે ઓગણીસ વર્ષનો દિલીપ કાલુરામ ઓડ નામનો યુવાન રાતે નવેક વાગ્યે બેભાન થઇ જતાં સારવાર માટે મોરબી અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ અહિ મોડી રાતે દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર તાલુકા પોલીસને જાણ કરી હતી. દિલીપને સારવાર માટે રાજકોટ ખસેડનારા કમલસિંગ નામના યુવાને જણાવ્યું હતુ કે દિલીપ મુળ એમપીનો હતો. તે ટ્રક લઇને માલ ભરવા આવ્યો હતો. માલ લોડ થયો ત્યારે ટ્રક એકાએક આગળ રળતાં ત્યાં દિલીપ ઉભો હોઇ તેના પર વ્હીલ ફરી વળતાં તે બેભાન થઇ ગયા બાદ મોત થયું હતું. પોલીસે ખરેખર ઘટના કઇ રીતે બની? તેની તપાસ હાથ ધરી હતી.

બીજી ઘટના જોઇએ તો વંથલી તાબેના ખોરાસા આહિરી ગામે રહેતાં વૃધ્ધા ઘરે બાથરૂમમાં પડી જતાં બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. વંથલીના ખારાસામાં રહેતાં રાજબાઇબેન લખમણભાઇ ડાંગર નામના ચુમોતેર વર્ષના વૃધ્ધા સત્તરમીએ રાતે બે વાગ્યે ઘરના બાથરૂમમાં પડી જતાં બેભાન જેવા થઇ ગયા હતાં. તેમને સારવાર માટે જુનાગઢ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.



ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. અહિ આજે વહેલી સવારે મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે વંથલી પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર રાજબાઇબેનને સંતાનમાં એક દિકરી અને ત્રણ દિકરા છે. બાથરૂમ ગયા ત્યારે બ્રેઇન સ્ટ્રોક આવી જતાં પડી ગયાનું સગાએ જણાવ્યુ.હતું. વંથલી પોલીસે રાજકોટ આવી કાર્યવાહી કરી મૃત્યુનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

અપમૃત્યુની ત્રીજી ઘટના જોઇએ તો હૃદય રોગના હુમલાથી વધુ એક યુવાનનું મૃત્યુ થયું હતું. મવડી વિસ્તારમાં રહેતાં યુવાન રાતે મવડી રોડ શાક માર્કેટ નજીક બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયેલ. પરંતુ મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાનું જાહેર થયું હતુ. મવડી સ્વામિનારાયણ પાર્ક-૧માં રહેતાં તેતાલીસ વર્ષના અશોકભાઇ ગીરધરભાઇ રામોલીયા રાતે અગીયારેક વાગ્યે મવડી રોડ શક્તિ સોસાયટી પાસે બેભાન થઇ જતાં જાગૃત નાગરિક કુલદીભાઇએ ૧૦૮ બોલાવી તેમને સારવાર માટે ખસેડ્યા હતાં. મૃત્યુ પામનાર હીરા ઘસવાની મજુરી કરતાં હતાં અને ત્રણ ભાઇમાં વચેટ હતાં. સંતાનમાં બે પુત્રી છે. માલવીયાનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

જ્યારે ચોથા બનાવમાં બનાવમાં યાર્ડ પાછળ પ્રદ્યુમન પાર્ક નજીક જયભીમ વાસમાં રહેતાં અડતાલીસ વર્ષના પ્રકાશભાઇ અર્જુનભાઇ જાદવ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેઓ બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં નવ વર્ષનો દિકરો છે. તે મધર ટેરેસા આશ્રમમાં ડ્રાઇવર તરીકે નોકરી કરતાં હતાં. કેન્સરની બિમારી હોવાનું સગાએ કહ્યું હતું. બી-ડિવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

પાંચમા બનાવમાં કોઠારીયા રોડ હુડકોમાં રહેતાં બાવન વર્ષના ઘનશ્યામભાઇ નવનીતભાઇ ચાવડા સાંજે રજપૂતપરા ખાતે મહાકાલેશ્વર ઓટો સ્પ્રે ગેરેજ ખાતે હતાં ત્યારે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયુ. હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં એ-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. તેઓ પાંચ ભાઇ અને બે બહેનમાં વચેટ હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતાના ગેરેજ ખાતે હતાં ત્યારે અચાનક બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. પોલીસે મોતનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આમ પાંચ અપમૃત્યુની ઘટના અલગ અલગ પરિવારોને આઘાત આપી ગઇ હતી.

### ખોટુ જ કરવું છે એ ગમે તે હદ સુધી જઇ શકેઃ વેપારીઓને છેતરી લેવાયા

# બાર લાખના દાગીના લઇ સંચાલક ગાયબ

## બીજી ઘટનામાં વેપારીના ઘરમાંથી અડધા લાખની થઇ ગઇ ચોરીઃ મિત્ર ઉપર જ દર્શાવી શંકા

રાજકોટ, તા.,૨૫

જેને ખોટુ જ કરવું હોય તે ગમે તેમ કરીને લોકોને મામા બનાવી લેતા હોય છે. આવી જ એક ઠગાઇ આંગડીયા પેઢીના માલિકોએ કરી હતી. જેઓ બાર લાખના દાગીના લઇ ગાયબ થઇ ગયા હતાં. ઓફિસને તાળા મારી ભાગી ગયેલા આ સંચાલકોને શોધવા દાગીના ગુમાવનારા વેપારીઓ અને પોલીસ એમ બંને શોધી રહ્યા છે. બીજી તરફ એક ઘરમાંથી અડધા લાખ આસપાસની ચોરી થઇ ગઇ હતી. દાગીના બેગમાં મુક્યા હતાં તે ગાયબ હોવાની એક મહિના બાદ પરિવારને જાણ થઇ હતી. ઘરે મહેમાન બનીને આવેલા મિત્ર પર શંકા ઉપજતાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના માણેકચોકમાં આવેલી જય રણછોડ એન્ડ કુ. નામની આંગડિયા પેઢીના માલિક ૩ સોની વેપારીઓના કુલ રૂ. બાર લાખ બે હજારના ૭૮.૫૨ ગ્રામ સોનાના દાગીના ભરેલા ૬ પાર્સલ લઈને ફરાર થઈ ગઈ હોવાની ઘટના સામે આવી છે. આ અંગે વેપારીએ ખાડિયા પોલીસ સ્ટેશનમાં આંગડિયા પેઢીના માલિક સામે ફરિયાદ નોંધાવી હતી. સોનાના દાગીનાનું પાર્સલ ભરૂચ મોકલવા આંગડિયા પેઢીમાં આપ્યું

આંબાવાડીમાં રહેતા અને માણેકચોકમાં શ્રીજી ઓર્નામેન્ટ નામની સોના-ચાંદીના દાગીનાની દુકાન ધરાવતા બેતાલીસ વર્ષીય મૌલીકભાઈ હસમુખભાઈ સોનીએ તેમના વેપારીઓને મોકલવા માટે જય રણછોડ એન્ડ કુ. નામની આંગડિયા પેઢીની માણેકચોક બ્રાન્ચમાં સોનાના દાગીનાના પાર્સલ જમા કરાવ્યા હતા.૧૦.૩૪૦ ગ્રામ સોનાના દાગીનાનું અને ૧૭.૫૧૦ ગ્રામ સોનાના દાગીનાનું પાર્સલ ભરૂચ મોકલવા માટે આંગડિયા પેઢીમાં આપ્યું હતું. પાર્સલ વેપારીઓને ન પહોંચતાં મૌલિકભાઈ આંગડિયા પેઢીની માણેકચોક ઓફિસે તપાસ કરવા ગયા હતા. તે વખતે ઓફિસ બંધ હતી.

પેઢીમાં બેસતા ચેતનકુમાર ખોડીદાસ પટેલ અને નૌતમ પ્રભુદાસ પટેલનો સંપર્ક કરતાં તેમણે કહ્યું હતું કે, પેઢીના ભાગીદાર મહિપતસિંહ વિજુજી, જે વડોદરા ખાતેની મેઈન ઓફિસ સંભાળતા હતા. તમામ પાર્સલ લઈને ઓફિસ બંધ કરી જતા રહ્યા છે. બાદમાં ચેતનકુમાર અને નૌતમનો પણ સંપર્ક થયો ન હતો. તપાસ કરતા મૌલિકભાઈના મિત્ર મૈનાક મહાવિરકુમાર જૈને પણ પોતાની દુકાનમાંથી જય રણછોડ એન્ડ કુ.માં મોકલેલા બે પાર્સલ પરત ના મળ્યાની વાત કરી હતી. મૈનાકભાઈએ ૧૦.૪૪૦




ગ્રામ સોનાના દાગીનાનું પાર્સલ કાલોલને તથા ૧૬ જૂને ૨૫.૩૭૦ ગ્રામ સોનાના દાગીનાનું પાર્સલ પાદરા મોકલ્યું હતું. આ ઉપરાંત રત્નદીપ ગોલ્ડના માલિક ભાવેશભાઈ રાજમલભાઈ ઘાંચીએ ગત ૨ મેએ ૮.૧૭૦ ગ્રામ અને ૬.૬૯૦ ગ્રામના બે પાર્સલ પાદરા મોકલવા માટે આંગડિયા પેઢીમાં જમા કરાવ્યા હતા. આમ મૌલિકભાઈ અને તેના બંને મિત્રો દ્વારા મોકલવામાં આવેલા કુલ ૬ પાર્સલમાં રૂ. ૧૨.૦૨ લાખના ૭૮.૫૨૦ ગ્રામ સોનાના દાગીના હતા. તે વેપારીઓને પહોંચાડવામાં ન હતા. આ અંગે વેપારીઓએ ખાડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બીજી તરફ અમદાવાદ બાપુનગર વિસ્તારમાં સુંદરમનગરમાં રહેતા વેપારીના ઘરમાંથી રૂપિયા ૪૬.૬૦ લાખના સોના-ચાંદીના દાગીના ગાયબ થવાની ચોરીની ફરિયાદ નોંધાઈ છે. મુંબઈથી આવેલા વેપારીના મિત્ર અને તેમના જ પરિવારજનો ઉપર વેપારીએ ચોરી કરી હોવાની શંકા વ્યક્ત કરી છે. બાપુનગર પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી હાલ તપાસ શરૂ કરી હતી. બાપુનગર વિસ્તારમાં રિઝવાન પઠાણ જનતા ફ્રાય નામની હોટલ ચલાવે છે અને ત્રણ માળના મકાનમાં સંયુક્ત પરિવાર સાથે રહે છે. પરિવાર દ્વારા અલગ-અલગ સમયે ખરીદવામાં આવેલા લાખો રૂપિયાના દાગીના અને રોકડ રકમ તેમની પત્ની પેટીપલંગમાં બેગમાં રાખતાં હતાં.

પ્રસંગમાં જવા માટે રિઝવાનની ભાભીએ દાગીના પહેરવા માટે લીધા હતા અને પ્રસંગ પૂરો થયા બાદ પરત આપી દીધા હતા. દાગીના પરત મળ્યા બાદ પત્નીએ તેને ફરી બેગમાં મૂકી પેટીપલંગમાં રાખી દીધા હતા. એક મહિના પહેલાં મુંબઈમાં રહેતો રિઝવાનનો મિત્ર નાસીરઅલી શેખ તેની પત્ની અને દીકરા-દીકરી સાથે બાર દિવસ માટે અમદાવાદ આવ્યો હતો. રિઝવાનના ઘરે પરિવાર સાથે રોકાવાની વ્યવસ્થા ન થતાં તેણે અજીતમીલ ત્રણ માળીયામાં નાસીર માટે રહેવાની વ્યવસ્થા કરી હતી. બાદ એક જ દિવસમાં નાસીરે ફોન કરીને ત્યાં આરામદાયક ન હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ નાસીરે પોતાની દીકરી અને દીકરાને રિઝવાનના ઘરે રહેવા માટે મોકલી દીધા હતા.

બે દિવસ બાદ નાસીર પોતાના પરિવારને લઈને રિઝવાનની કારમાં અજમેર ગયો હતો. અજમેરથી પરત આવ્યા બાદ નાસીર પરિવાર સાથે ઓઢવ પોલીસ સ્ટેશન સામે આવેલી બર્સેલોના હોટલમાં રોકાયો હતો. દરમિયાન નાસીરની બેગ રિઝવાનના ઘરે રહી ગઈ હોવાથી તે બેગ લેવા માટે ફરી રિઝવાનના ઘરે ગયો હતો. રિઝવાન છેલ્લા છ વર્ષથી કેન્સરની બીમારીથી પીડાઈ રહ્યો છે. તબિયતને ધ્યાનમાં રાખીને ડોક્ટરે તેને આરામ કરવાની સલાહ આપી હતી. જેથી રિઝવાન પત્ની સાથે ઉત્તરપ્રદેશમાં પોતાના ગામે ગયો હતો. થોડા દિવસ પહેલાં બંને અમદાવાદ પરત ફર્યા હતા.

ત્યારબાદ પત્નીને રૂપિયાની જરૂર પડતાં તેણે પેટીપલંગ ખોલ્યું હતું. બેગ તપાસતા સોના-ચાંદીના દાગીના ગાયબ હોવાનું સામે આવ્યું હતું. આ મામલે તેમણે પોલીસને જાણ કરી હતી અને બાપુનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં રિઝવાને મુંબઈથી આવેલા તેના મિત્ર નાસીરઅલી શેખ અને તેના પરિવારના સભ્યો દ્વારા દાગીનાની ચોરી કરી હોવાની શક્યતા વ્યક્ત કરતાં તપાસ શરૂ થઇ હતી.

# ચેકડેમમાં નહાવા પડેલા ૪ યુવાનો ડૂબ્યા

### મૃતકોમાં બે મોટાદેવળિયા અને બે જેતપુરના નવાગઢ ગામના ભાઈઓનો સમાવેશ

રાજકોટ, તા.૨૫

અમરેલીના બાબરા તાલુકાના મોટાદેવળીયા ગામે આજે ૪ યુવાનો ચેકડેમના ઊંડા પાણીમાં ડૂબી જતાં કરુણ ઘટના બની છે. મૃતકોમાં કનુભાઈ દેવજીભાઈ શિંગાળા, સચિનભાઈ કાળુભાઈ શીંગાળા, તેમજ જેતપુરના નવાગઢના મામાના ઘરે આવેલા સગા ભાઈઓ બલીભાઇ પ્રવીણભાઈ જેઠવા અને કેવિન પ્રવીણભાઈ જેઠવાનો સમાવેશ થાય છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં શોક છવાઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોટાદેવળીયા ગામે આજે ૨૫ મીએ એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગામમાં આવેલા ચેકડેમમાં નાહવા પડેલા એક સગીર સહિત ચાર યુવાનો ઊંડા પાણીમાં ડૂબી જતાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું છે.

મૃતકોમાં કનુભાઈ દેવજીભાઈ શિંગાળા (ઉં.વ.૪૦, રહે. મોટાદેવળીયા)), સચિનભાઈ કાળુભાઈ શીંગાળા (ઉં.વ.૨૭, રહે. મોટાદેવળીયા). ભલાભાઇ પ્રવીણભાઈ જેઠવા(ઉં.વ.૧૯,



નવાગઢ જેતપર)અને તેમનો ભાઈ કેવિન પ્રવીણભાઈ જેઠવા(ઉં.વ.૧૭, નવાગઢ જેતપર)નો સમાવેશ થાય છે.

આ કરુણ ઘટનામાં ડૂબનારા ભલા પ્રવીણભાઈ જેઠવા અને સગીર કેવિન પ્રવીણભાઈ જેઠવા બંને સગા ભાઈઓ છે. તેઓ મૂળ રાજકોટ જિલ્લાના જેતપુર પાસે આવેલા નવાગઢના વતની છે અને મોટાદેવળીયા મુકામે પોતાના મામાના ઘરે આવ્યા હતા. બે સગા ભાઈઓ સહિત ગામના બે યુવાનો પણ ચેકડેમમાં ડૂબી જતાં બંને પરિવાર પર આભ તૂટી પડ્યું છે. બનાવથી સમગ્ર અમરેલી જિલ્લા અને બાબરા તાલુકા વિસ્તારમાં અરેરાટી સાથે શોક વ્યાપી ગયો છે.

### વૃધ્ધને વ્હોટ્સએપ કોલ કરી તમે મની લોન્ડરીંગમાં સામેલ છો કહી ઇડી, સુપ્રિમ કોર્ટ, મુંબઇ પોલીસના નામે ડરાવ્યા

# દેશદ્રોહના કેસની ધમકી દઇ બેતાલીસ લાખ ઉસેડી લીધા

### વૃધ્ધને તેમની પાસે જેટલી રકમ છે તે ખરાઇ કરવી પડશે, કૌભાંડની તો નથી ને તેમ કહી તપાસ બાદ રકમ પાછી મોકલી દેવાનું કહી છેતર્યા

### બાર દિવસ ઘરમાં પુરાઇ રહેવા મજબૂર કર્યા : બીજા બનાવમાં ત્રીસ હજારના રોકાણ સામે એક લાખનો નફો બતાવી ચાર લાખની ઓનલાઇન ઠગાઇ

રાજકોટ તા. ૨૫

ઓનલાઇન માધ્યમોનો ગેરઉપગોગ કરીને સાયબર ગઠીયાઓ સતત ફ્રોડ આચરી રહ્યા છે. આવી ઘટનાઓ એક દિવસ પણ ન બને તેવુ કદી બનતું નથી. વધુ એક આવી ઘટનામાં નિવૃત ફાયર કર્મચારીને છેતરી લેવાયા હતાં. સાયબર ગઠીયાઓ જે જે નુસ્ખાઓનો છેતરવામાં ઉપયોગ કરે છે તેમાં ડીજીટલ એરેસ્ટનો તુક્કો પણ સામેલ છે. આવા જ તુક્કાનો ઉપયોગ કરી નિવૃત ફાયર કર્મચારીના બેતાલીસ લાખ ઉસેડી લેવાયા હતા. ઇડીના નામે બોગસ પત્રો મોકલી નોટીસો મોકલી તેમને બાર દિવસ ઓનલાઇન એરેસ્ટ રાખી ડરાવી ધમકાવી આ ઠગાઇ આચરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો ગાંધીધામના સપનાનગર વિસ્તારમાં રહેતા અને કંડલા પોર્ટમાં ફાયર વિભાગમાંથી નિવૃત થયેલા વ્યક્તિ સાથે સાયબર ઠગોએ 'ડિજિટલ અરેસ્ટ' કરી લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. વધુ માહિતી અનુસાર પાંસઠ વર્ષીય ફરિયાદી રામાઆશરે રાજદેવ દુબેને અજાણ્યા વોટ્સએપ નંબર પરથી વિડિયો કોલ આવ્યો હતો. સાયબર ઠગોએ પોતાને મુંબઈ પોલીસ, ક્રાઈમ બ્રાંચ અને ઈડીના અધિકારીઓ તરીકે ઓળખાવ્યા હતા. ઠગોએ વૃદ્ધને જણાવ્યું હતું કે, તેઓ ૨ કરોડના મની લોન્ડરિંગ તેમજ પીએફઆઇ સાથે સંકળાયેલા ગેરકાયદેસર વ્યવહારોના કેસમાં શંકાસ્પદ આરોપી છે.

આ પછી ગઠીયાઓએ ભોગ બનનારને ડરાવવા માટે ઠગોએ મુંબઈ પોલીસ, સુપ્રીમ કોર્ટ, ઈડી અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના બોગસ લોગો વાળા બનાવટી લેટરપેડ, એરેસ્ટ વોરંટ અને સીલ મારેલા આદેશો વોટ્સએપ પર મોકલ્યા હતા. આ ઉપરાંત, જો આ ગુપ્ત તપાસ વિશે કોઈને જણાવશે તો દેશદ્રોહનો કેસ કરવાની અને પરિવારની ધરપકડ કરવાની ધમકી આપી હતી.માનસિક ત્રાસ અને ભારે ભય હેઠળ આવી જઈને વૃદ્ધે પોતાની પોસ્ટ ઓફિસની ૨૩.૭૫ લાખની ડિપોઝિટ તોડાવી તે રકમ પોતાની એસબીઆઇ બેંકના ખાતામાં જમા કરાવી હતી. ત્યારબાદ ઠગોના કહ્યા મુજબ દિલ્હીની બ્રધર ટ્રેડ ઝોન પ્રાઈવેટ લિમિટેડ અને વિજયવાડાની લાડકાર્ટ એન્ટરપ્રાઈઝીસના શંકાસ્પદ ખાતાઓમાં આરટીજીએસ મારફતે રકમ ટ્રાન્સફર કરાવી કુલ રૂપિયા બેતાલીસ લાખ પડાવી લીધા હતા.



આ પછી છેતરપિંડીનો અહેસાસ થતાં વૃદ્ધે સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કર્યો હતો. હેલ્પલાઈન મારફતે અમુક રકમ પરત મળ્યા બાદ તેમણે ગાંધીધામ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન પહોંચી સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. પોલીસે શંકાસ્પદ વોટ્સએપ નંબર અને બેંક ખાતાધારકો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. ઠગોએ વૃદ્ધને ડરાવી ધમકાવી પોતાની જાળમાં ફસાવી લીધા હતા.જે બાદ પોતાના જ ઘરમાં એક રૂમમાં અલિપ્ત રહીને હોમ અરેસ્ટ રહેવા દબાણ કર્યું હતું.બહાર કોઈને જાણ કરી દર બે કલાકે વોટ્સએપ પર આઇ એમ સેફનો મેસેજ મોકલવા ફરજ પાડી હતી. આ પ્રકારની ઠગાઇ અનેક લોકો સાથે થઇ ચુકી છે. જેમાં સૌથી વધુ શિકાર સિનીયર સીટીઝન્સ જ થયા છે. આ કિસ્સામાં પણ નિવૃત વૃધ્ધને શિકાર બનાવી બેતાલીસ લાખ જેવી માતબર રકમ પડાવી લેવાઇ હતી.

બીજી છેતરપીંડીમાં વડોદરામાં ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટના નામે વધુ એક યુવક ઠગાઇનો ભોગ બન્યો હતો. સાવલીના પદમલા ગામના કમલેશ પરમારે કેપિટલ ફોરેક્સની જાહેરાત જોઈ ૩.૯૫ લાખનું રોકાણ કર્યું હતું. અદિતિ નામની મહિલાએ ચા નફાની લાલચ આપી, શરૂઆતમાં ૯૦૦ રૂપિયા ઉપાડવાની છૂટ આપી વિશ્વાસ કેળવ્યો. કુલ ૩.૯૫ લાખ રોક્યા બાદ એકાઉન્ટ બ્લોક થતાં ૩.૪૫ લાખ ગુમાવ્યા, અને સાયબર સેલમાં ફરિયાદ નોંધાવી હતી. ઇન્વેસ્ટમેન્ટના નામે થતા ઓનલાઇન ઠગાઇના કેસોમાં વડોદરાના વધુ એક યુવકે રૂપિયા ત્રણ લાખ પિસ્તાલીસ હજાર ગુમાવ્યા હતાં.

સાવલીની ખાનગી કંપનીમાં ફરજ બજાવતા પદમલા ગામના કમલેશ પરમારે કહ્યું છે કે મારા વ્હોટ્સએપ ઉપર કેપિટલ ફોરેક્સની એક જાહેરાત આવી હતી.ત્યારબાદ અદિતિ નામની કોઇ મહિલાએ મેસેજો અને ફોન કરી તેમના કસ્ટમરોએ કરેલા જંગી નફાના સ્ક્રીન શોટ મોકલતી હતી. મેં ત્રીસ હજારનું રોકાણ કરતાં એક જ મહિનામાં એક લાખ થયા હોવાનું મને કહેવાયું હતું.મને માત્ર ૯૦૦ ઉપાડવાની છૂટ અપાઇ હતી,જે ઉપડતાં મને વિશ્વાસ બેઠો હતો. અદિતિએ મને રૂપિયા પાંચ લાખ રોકવાથી વધુ વળતર મળશે તેમ કહી કબીર સાથે વાત કરાવી હતી.જેથી મેં કુલ રૂપિયા ૩.૯૫ લાખ રોકાણ કર્યું હતું.પરંતુ ત્યારબાદ કોઇ રકમ ઉપડતી નહિ હોવાથી અને મારું એકાઉન્ટ બ્લોક થતાં સાયબર સેલને જાણ કરી હતી.

### સાયબર ગઠીયાઓ સતત કરી રહ્યા છે ઠગાઈઃ વધુ બે સફળ શિકાર કર્યા

# જુના મંદિરની ખરીદી-ચલણના નામે થઇ છેતરપીંડી

### નિવૃત આચાર્યએ જુનુ મંદિર ઓએલએક્સ પર વેંચવા મુકતાં ગઠીયો કળા કરી રોકડા ઉસેડી ગયોઃ મમરાના વેપારીને વાહનના ચલણની ફાઇલ મોકલી ઠગાઇ આચરી લેવાઇ

રાજકોટ તા. ૨૫

રોજબરોજ બની રહેલી સાયબર ફ્રોડની ઘટનાઓમાં સતત વધારો થઇ રહ્યો છે. લોકો ગમે એટલા જાગૃત થાય ગઠીયાઓ ગમે તેમ કરીને જાળમાં ફસાવી નાણા ઉસેડી રહ્યા છે. વધુ બે આવીઠગાઇ થઇ હતી. જેમાં એક વિનૃત આચાર્ય અને મમરાના વેપારી સાથે ગઠીયાઓ ફ્રોડ આચરી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો ગાંધીનગર શહેરમાં ડિજિટલ માધ્યમોના વધતા ઉપયોગ વચ્ચે કુડાસણના એક નિવૃત્ત આચાર્યને ઓએલએક્સ પર જૂનું મંદિર ખરીદવાની લાલચ આપી ક્યુઆર કે મર્ચન્ટ કોડના બહાને રૂ. ૯૬,૬૨૭ નો ચૂનો ચોપડવામાં આવ્યો છે. તો બીજી તરફ રાંદેસણના એક મમરાના વેપારીને વાહનના બાકી ચલણની ફેક લિંક મોકલી ક્રેડિટ કાર્ડ હેક કરી રૂ. ૮૦,૩૩૯ ની ઓનલાઇન ખરીદી કરી લેવામાં આવી છે. આ બંને બનાવો અંગે ઇન્ફોસિટી પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ કિસ્સાની વિશેષ માહિતી જોઇએ તો ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલ રાધે ઈન્ફિનીટીવ ખાતે રહેતા એકસઠ વર્ષીય નિવૃત્ત આચાર્ય હરીશભાઈ કચરાભાઈ મોદીએ પોતાના ઘરમાં પડેલું એક જૂનું લાકડાનું મંદિર વેચવા માટે પુત્રીની મદદથી ઓએલએક્સ એપ્લિકેશન પર જાહેરાત મૂકી હતી. આ જાહેરાત જોઈને ટૂંક જ સમયમાં એક અજાણ્યા શખ્સે તેમનો સંપર્ક કર્યો હતો અને પોતાની ઓળખ રાહુલ શર્મા તરીકે આપીને રૂ. પંદર હજારમાં મંદિર ખરીદવાની તૈયારી દર્શાવી હતી.

આ પછી શરૂઆતમાં નિવૃત આચાર્યનો વિશ્વાસ જીતવા માટે ઠગે ખાતામાં ટેસ્ટિંગ પેટે માત્ર એક રૂપિયો જમા કરાવી બાકીની રકમ પછીથી ચૂકવવાની વાત કરી હતી. બીજા દિવસે ઠગે ફોન કરીને પોતાની પાસે મર્ચન્ટ કાર્ડનું મશીન હોવાનું બહાનું બતાવી જીપે એપ્લિકેશનમાં અમુક ચોક્કસ મર્ચન્ટ કોડ નાખવા જણાવ્યું હતું. નિવૃત્ત આચાર્યએ તે નંબર નાખતા જ તેમના પેન્શનના બેન્ક એકાઉન્ટમાંથી તુરંત ૪,૦૦૦




કપાઈ ગયા હતા. આ અંગે પૂછપરછ કરતાં ચાલાક ઠગે ટેકનિકલ ખામીનું બહાનું ધરી રકમ પરત મોકલવાની ખાતરી આપી હતી. ત્યારબાદ તબક્કાવાર અલગ-અલગ મર્ચન્ટ કોડ નંબરો નંખાવીને કુલ ૬૯,૬૨૭ ની રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. બાદમાં નાણાં જમા થયાનો બોગસ સ્ક્રીનશોટ મોકલીને ઠગે ફોન બંધ કરી દેતાં હરીશભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી

ઓનલાઇન ઠગાઈની બીજી ઘટના પર નજર કરીએ તોં ગાંધીનગરના રાંદેસણ ગામમાં આવેલ ઉર્જાનગર વિભાગ-૧ માં રહેતા એસ.એમ. ટ્રેડર્સ નામે મમરાનો વેપાર કરતા એકાવન વર્ષીય સચિન મનુભાઈ ત્રીવેદી પોતાના વેપાર માટે એક્સિસ બેંકનું ખાતું અને તેની સાથે લીંક થયેલ ક્રેડિટ કાર્ડ વાપરે છે. તેમના મોબાઇલ પર એક અજાણ્યા નંબર પરથી એક ટેક્સ મેસેજ આવ્યો હતો. જેમાં તેમના છોટા હાથી વાહનનું ચલણ બાકી હોવાનું જણાવી ચલણ ચૂકવવા માટે એક લિંક આપેલી હતી.

આથી કુતુહલવશ વાહનમાં કોઈ ચલણ છે કે નહીં તે ચકાસવાના આશયથી સચિનભાઈએ આ લિંક પર ક્લિક કરતાં નેક્સજેન એમપરિવહન નામની એક એપ ખુલી હતી. જોકે તેમાં કોઈ ચલણ બતાવતું ન હોવાથી તેઓ કામમાં લાગી ગયા હતા. પરંતુ આ દરમિયાન તેમનો ફોન હેક થઈ ચૂક્યો હતો અને સતત મેસેજ આવવા લાગ્યા હતા. શંકા જતાં જ તેમણે બેંકમાં જઈ ખાતું ફ્રીઝ કરાવ્યું અને ક્રેડિટ કાર્ડ બંધ કરાવ્યું હતું.

જો કે તેમ છતાં ક્રેડિટ કાર્ડ મારફતે ઝેપટો મારકેટ પ્લેસ પ્રાઇવેટ લિમીટેડમાંથી રૂ. ૮૦,૩૩૯ની ઓનલાઈન ખરીદી કરી લેવામાં આવી હતી. આ બંને બનાવો અંગે સાઇબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર ફરિયાદ કરાઈ હતી, જેના પગલે ઇન્ફોસિટી પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ હતી. આમ વધુ બે કિસ્સામાંસાયબર ગઠીયાઓ ખેલ પાડી છેતરપીંડી કરી જવામાં સફળ થયા હતાં.

### રાજકોટવાસીઓના આરોગ્ય સાથે રમત રમવાનો તંત્રએ પરવાનો આપ્યો કે શું?

# ઓનલાઈન ડિલિવરીના નામે ભ્રમ-થાળીમાં ઝેર

## સઘન ઝુંબેશ છતાં તંત્ર કેમ વામણું? ખરા અર્થમાં કડક કાર્યવાહી ક્યારે?

રાજકોટ, તા. ૨૫

આંખ મીંચીને, સંપૂર્ણ અંધશ્રદ્ધા રાખીને ઓનલાઇન શોપિંગ કરતા અને 'ઇન્સ્ટન્ટ ડિલિવરી'ના મોહમાં રચ્યાપચ્યા રહેતા લોકો માટે એક લાલબત્તી સમાન અને ચોંકાવનારી હકીકત સત્તાવાર રીતે સામે આવી છે. ટેકનોલોજીના નામે ઘરબેઠા ગુણવત્તાસભર ચીજવસ્તુઓ પહોંચાડવાનો દાવો કરતી કંપનીઓ વાસ્તવમાં લોકોના આરોગ્ય સાથે કેવા કારસા રમી રહી છે તેનો પર્દાફાશ થયો છે. રાજકોટના સાધુ વાસવાણી રોડ પર, રાજપેલસ ચોક પાસે આવેલા ઓલા હરિનગરમાં આઇકોન-૨ કોમ્પ્લેક્સમાં સ્થિત 'બ્લિન્કીટ'ના ગોડાઉનમાં જ્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનની ફૂડ શાખાએ દરોડો પાડ્યો ત્યારે ત્યાંનું દ્રશ્ય જોઈને તપાસ અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. ગોડાઉનમાંથી કોથળા મોઢે અંદાજે ૫૯૬ કિલો જેટલો સપ્લાયર કે ઉત્પાદનની વિગતો વગરનો, લેબલ વગરનો અને યુઝ બાય ડેટ દર્શાવ્યા વગરનો અત્યંત સડેલો, વાસી શાકભાજી અને ફ્રુટનો જથ્થો મળી આવ્યો હતો. જે માલ ગ્રાહકોના ઘરે તાજા શાકભાજીના નામે ડિલિવર થવાનો હતો, તે માલ આખરે મનપાની ટીપર વાનમાં કચરા તરીકે નાશ કરવાની નોબત આવી હતી.

પરંતુ સવાલ એ ઊભો થાય છે કે આટલા મોટા પાયે લોકોના સ્વાસ્થ્ય સાથે રમત રમતી બહુરાષ્ટ્રીય કંપની સામે મનપાના ફૂડ વિભાગે શું આકરા પગલાં લીધા? તંત્રએ માત્ર હાઈજેનિક કન્ડિશન અને સ્ટોરેજ બાબતે નોટિસ ફટકારીને રૂ. ૧૦,૦૦૦નો નજીવો દંડ વસૂલ કરીને પોતાના હાથ ઊંચા કરી લીધા. કરોડો રૂપિયાનો કારોબાર કરતી અને સેકન્ડોમાં ડિલિવરીના દાવા કરતી કંપની માટે ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ એ સજા છે કે પછી ગુનો ચાલુ રાખવા માટેની 'ઓફિશિયલ ફી'? જે કંપની હજારો રાજકોટવાસીઓના પોષણ સાથે સડેલો માલ ચીપકાડીને ખિલવાડ કરતી







હોય, તેના ગોડાઉનને સીલ કરવાને બદલે કે તેના જવાબદારો સામે ફોજદારી ગુનો નોંધવાને બદલે માત્ર પ્રાથમિક દંડ ભરાવીને છૂટો દોર આપી દેવો એ મનપાના ફૂડ વિભાગની શંકાસ્પદ અને અત્યંત કૂણી નીતિ દર્શાવે છે.

માત્ર ઓનલાઇન કંપનીઓ જ નહીં, પરંતુ શહેરના સ્થાનિક વેપારીઓ પણ લોકોના આંતરડાં બાળવામાં કોઈ કસર છોડી રહ્યા નથી. શહેરના વિજય પ્લોટ-૧૮માં આવેલી 'શ્રીનાથજી ટ્રેડર્સ' નામની પેઢીમાંથી થોડા દિવસો પહેલા લેવામાં આવેલા મરચાં પાઉડર અને ધાણાજીરૂ પાઉડરના નમૂના સરકારી લેબોરેટરીમાં નાપાસ થયા છે. ચોંકાવનારી બાબત એ છે કે રોજિંદા ખોરાકમાં વપરાતા આ મસાલામાં માનવ શરીરને ગંભીર નુકસાન પહોંચાડે અને કેન્સર જેવા જીવલેણ રોગોને નોતરે તેવા ઘાતક 'સિન્થેટિક ડાઈ' કલરની ભેળસેળ હોવાનું ખુલ્યું છે. આ અહેવાલ સામે આવ્યા બાદ હવે મનપા શ્રીનાથજી ટ્રેડર્સ સામે ફોજદારી કેસ દાખલ કરવાની ''તજવીજ'' હાથ ધરી રહી છે.

અહીં સૌથી મોટો આક્રોશ તંત્રની ઢીલી અને સડી ગયેલી કાર્યપદ્ધતિ સામે છે. જ્યારે મસાલાના નમૂના ફેલ થાય છે ત્યારે જ તંત્ર કાયદાકીય કાર્યવાહીની વાતો કરે છે, પરંતુ એ નમૂના લેવાયા અને રિપોર્ટ આવ્યો તે વચગાળાના સમયમાં એ ઝેરી મસાલા રાજકોટના કેટલા ઘરોની રસોઈમાં ભળી ગયા હશે? કેટલા નિર્દોષ નાગરિકોના પેટમાં એ રાસાયણિક કલર પહોંચી ચૂક્યો હશે? તેનો કોઈ હિસાબ તંત્ર પાસે છે ખરો? મનપાની ફૂડ શાખા કાયમ ઘટના બની ગયા પછી અથવા તો વ્યાપક ફરિયાદો ઉઠ્યા પછી જ કેમ જાગે છે?

સચ્ચાઈ એ છે કે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનું ફૂડ ડિપાર્ટમેન્ટ માત્ર ચોક્કસ સમયાંતરે દરોડાનું નાટક કરીને, ફોટો સેશન કરાવીને અને નાના-મોટા દંડ વસૂલીને વિરામ લઈ લે છે. જો તંત્ર ખરેખર પ્રજાના આરોગ્ય પ્રત્યે ગંભીર હોત, તો શહેરમાં ચાલતા આ પ્રકારના ઓનલાઇન ગોડાઉનો પર નિયમિત સરપ્રાઇઝ ચેકિંગ થતું હોત અને ભેળસેળિયા વેપારીઓ સામે કેસ કરવાની ''તજવીજ'' કરવાને બદલે તેમને તાત્કાલિક જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા હોત.

ઓનલાઇન શોપિંગના ચળકાટ પાછળ છુપાયેલા આ ઝેર અને સ્થાનિક વેપારીઓની અંધાધૂંધ કમાઈ લેવાની વૃત્તિએ સાબિત કરી દીધું છે કે ગ્રાહકે પોતે જ હવે આંખો ખુલ્લી રાખવી પડશે. જો તંત્ર ૧૦ હજારનો દંડ વસૂલીને આવી ભ્રષ્ટ સિસ્ટમને પ્રોત્સાહન આપતું રહેશે, તો રાજકોટવાસીઓએ પોતાના પરિવારના સ્વાસ્થ્યની રક્ષા કાજે આવી એપ્લિકેશનો અને ઝેરી મસાલા વેચતા સંગ્રહખોરોનો જાતે જ બહિષ્કાર કરવો પડશે. તંત્રએ પણ હવે કાગળ પરના ઘોડા દોડાવવાનું બંધ કરી, નપુંસક નોટિસો આપવાને બદલે જનઆરોગ્ય સાથે ખીલવાડ કરનારાઓ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવીને દાખલારૂપ કડક કાર્યવાહી કરવી જ પડશે.

### અનેક નિર્ણયો પર વિવાદની છાપ ? : ૧૮ કાયમી કર્મચારીઓ પર નોકરીનું સંકટ

# સૌરાષ્ટ્ર યુનિની સિન્ડિકેટ બેઠકમાં ગરમાવાના એંધાણ

રાજકોટ, તા. ૨૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે આગામી ૩૦મી સપ્ટેમ્બરે બપોરે ૧૨.૩૦ વાગ્યે ફિઝિકલ અને વર્ચ્યુઅલ એમ બંને મોડમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની અત્યંત મહત્વપૂર્ણ અને ચર્ચાસ્પદ બેઠક યોજાવા જઈ રહી છે. આ બેઠકમાં વહિવટી તથા શૈક્ષણિક ક્ષેત્રને સ્પર્શતા કેટલાક એવા વિવાદિત મુદ્દાઓ રજૂ થવાના છે, જેને કારણે બેઠક દરમિયાન ભારે તડાફડી બોલે તે લગભગ નક્કી માનવામાં આવી રહ્યું છે.

આ સમગ્ર ગરમાવા પાછળનું મુખ્ય કારણ રહેમરાહે નોકરી કરી રહેલા ૧૮ કાયમી નોન-ટીચિંગ કર્મચારીઓનો મુદ્દો છે. આ કર્મચારીઓની નોકરી પર હાલ લટકતી તલવાર જેવી ગંભીર પરિસ્થિતિ નિર્માણ પામી છે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે આ બાબતને અત્યંત ગંભીરતાથી લઈને લાલ આંખ કરી છે અને તમામ સંબંધિત ફાઈલો પોતાની પાસે મંગાવી લીધી છે. શિક્ષણ વિભાગના આ સખત વલણને પગલે યુનિવર્સિટી વર્તુળોમાં ભારે



ખળભળાટ મચી ગયો છે અને આ મુદ્દો એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં મુખ્ય ચર્ચાનો વિષય બનશે.

બીજી તરફ, યુનિવર્સિટીના ૨૯ માંથી ૮ ભવનોમાં કરાર આધારિત જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ ભરતી અંતર્ગત ઇન્સ્ટિટ્યૂટ ઓફ બાયોટેક્નોલોજી સિવાયના બાકીના ૬ ભવનોમાં અધ્યાપકો માટે પ્રતિ માસ રૂ. ૪૦,૦૦૦ના માસિક પગારની જોગવાઈ કરવામાં આવી છે. જોકે, આ કરાર આધારિત અધ્યાપકોની ભરતી પ્રક્રિયાને કેન્દ્રીયકૃત (સેન્ટ્રલાઈઝ્ડ) કરવાને બદલે તેની તમામ સત્તાઓ જે-તે ભવનના હેડ (અધ્યક્ષો)ને સોંપી દેવામાં આવી છે. આ નિર્ણયને કારણે યુનિવર્સિટીમાં આંતરિક રોષ અને અસંતોષનું મોજું ફરી વળ્યું છે. એવા ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે કે ભવન અધ્યક્ષોને સત્તા આપી દેવાતાં તેમણે પોતાના માનીતાઓ અને અંગત લોકોને સ્થાપિત કરી દીધા છે. આ ઉપરાંત, શૈક્ષણિક કેડરમાં પ્રમોશનની પ્રક્રિયા હેઠળ યુનિવર્સિટીના ૧૪ નિવૃત્ત અધ્યાપકો સહિત કુલ ૩૨ પ્રોફેસરોને 'સિનિયર પ્રોફેસર' તરીકેનું પ્રમોશન આપવાના નિર્ણયને આ બેઠકમાં મંજૂરી આપવામાં આવશે.

અન્ય મહત્વના ઘટનાક્રમમાં, યુનિવર્સિટીના ફાર્મસી ભવનના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. સચિન પરમારની ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) ખાતે એસોસિયેટ પ્રોફેસર તરીકે સીધી ભરતી થતાં, તેમણે નિયમ મુજબ એક માસનો પગાર ચૂકવીને નોકરીમાંથી વિધિવત મુક્તિ મેળવી લીધી છે. સાથોસાથ, યુનિવર્સિટીમાં મેનપાવર પૂરો પાડતી 'ડી. આર. એન્ટરપ્રાઇઝ'નો કોન્ટ્રાક્ટ તા. ૦૧/૦૯/૨૦૨૬ થી ૩૧/૦૮/૨૦૨૭ સુધી એટલે કે વધુ એક વર્ષ માટે લંબાવવામાં આવ્યો છે, જેને પણ બેઠકમાં બહાલી આપવામાં આવશે.

### મનપામાં ઈતિહાસમાં પ્રથમ વખત

# સ્ટેન્ડિંગમાં વોર્ડ સમિતિઓના કામકાજ અંગે ગહન ચર્ચા

## પ્રાથમિક સુવિધાઓના પ્રશ્નો ઉકેલવા નવી વ્યવસ્થા : વોર્ડ સમિતિઓને 'એક્ટિવ' કરવાનો મેયર-ચેરમેન હરકતમાં

રાજકોટ, તા. ૨૫

રાજકોટ મહાનગરપાલિકામાં જીપીએમસી એક્ટ મુજબ અમલમાં રહેલી વોર્ડ સમિતિઓના કામકાજને કદાચ પ્રથમ વખત લાંબી ચર્ચાઓ સામે સ્થાયી સમિતિમાં ખાસ સ્થાન આપવામાં આવ્યું છે. આજે શહેરના અડધા એટલે કે ૯ વોર્ડની સમિતિઓના રોજકામ સ્ટેન્ડીંગ કમીટીની મીટીંગમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ સાથે જ પ્રાથમિક સુવિધાના જરૂરી અને અનિવાર્ય કામો હવે સીધા વોર્ડ લેવલેથી કમીટી સુધી પહોંચે અને ત્યાંથી જ કામો મંજૂર થાય તેવી એક મજબૂત વ્યવસ્થા દાખલ કરવામાં આવી છે.

ભાજપની નવી ટીમે સત્તા સંભાળ્યા બાદ મેયર ડો. નેહલ શુક્લ દ્વારા વોર્ડ સમિતિઓ માત્ર શોભારૂપ ન રહે અને માત્ર નોંધ કરીને રોજકામ મંજૂર કરી દેવામાં ન આવે તેવો સ્પષ્ટ અભિગમ જાહેર કરવામાં આવ્યો હતો. ખરેખર તો વોર્ડ સમિતિઓ લોકોના કામો યોગ્ય રીતે સૂચવી શકે અને મંજૂરી માટે સ્થાયી સમિતિને મોકલી શકે તે રીતે તેને એક્ટિવ કરવાનો નિર્ણય કરાયો હતો. જેના ભાગરૂપે આજે માત્ર રોજકામ ધ્યાને લેવાની એક માત્ર દરખાસ્ત સાથેનો એજન્ડા પ્રસિદ્ધ કરનાર ચેરમેન પરેશ પીપળીયાએ તેને મંજૂર કર્યો હતો. આજે વોર્ડ નં. ૫, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૭ અને ૧૮ ની સમિતિના રોજકામ મંજૂર કરાયા છે.

આ અંગે મેયર અને ચેરમેને સંયુક્તપણે જણાવ્યું હતું કે, વોર્ડ લેવલેથી જ નાગરિકો અને નગરસેવકો મારફત કામો રજૂ થાય અને લોકોને જરૂરીયાતના કામોની સુવિધા તુરંત મળે તેવી આ મજબૂત અને પારદર્શક સિસ્ટમ છે. હવેથી દર મહિને એક વખત નક્કી થયેલી તારીખ મુજબ જે તે વોર્ડની કમીટીની મીટીંગ સંબંધિત વોર્ડ ઓફિસે યોજાશે. એટલે કે દરેક મહિનાની ૧ તારીખના રોજ વોર્ડ નં. ૧ થી માંડીને ૧૮ તારીખના રોજ વોર્ડ નં. ૧૮ ની મીટીંગ ગોઠવવામાં આવશે.



આ મીટીંગોના રોજકામ સીધા સ્થાયી સમિતિમાં આવશે અને કામો ત્વરિત મંજૂર કરવામાં આવશે, જેમાં રસ્તા, ગટર, લાઈટ, પાણી જેવા પ્રાથમિક કામોને પહેલી અગ્રતા આપવામાં આવશે. તે સહિતના તમામ જરૂરી કામો ઠરાવ સ્વરૂપે નગરસેવકો મુકશે.

આજે બપોરે યોજાયેલી આ મીટીંગમાં લગભગ જનરલ બોર્ડ જેટલી જ ગહન ચર્ચા સદસ્યો અને અધિકારીઓ વચ્ચે થઈ હતી. હવે આ સિસ્ટમ મુજબ વોર્ડમાંથી આવતા કામો મંજૂર કરવા નક્કી કરાયું છે. આ સિવાય કોર્પોરેટરોની સૂચના મુજબ મનપાના તમામ જવાબદાર સ્ટાફે પણ આ મીટીંગમાં હાજર રહેવું અનિવાર્ય બનાવવામાં આવ્યું છે.

આજના એજન્ડામાં વિવિધ વોર્ડ સમિતિઓમાં રજૂ થયેલા કામો અને ચર્ચાની વિગતો જોઈએ તો, વોર્ડ નં. ૫ માં ગોવિંદબાગ શાક માર્કેટ પાસે સોલિડ વેસ્ટ ઓફિસના દરવાજાનું રિપેરિંગ, રાધે પાર્કમાં આરસીસી અને પેચવર્ક, નંદુબાગમાં પેવર બ્લોક, અલ્કાપાર્કમાં દૂષિત પાણીની સમસ્યા, રણછોડનગર અંજુ પાન સામે ફૂટપાથ નિર્માણ અને વિસ્તારની સફાઈના સુપરવિઝન અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. વોર્ડ નં. ૮ માં ગાર્ડનમાં માટી નાંખવા, પેવિંગ બ્લોક, લક્ષ્મીનગર-૧ માં વારંવાર થતા દબાણો, દાસીજીવણપરામાં બ્લોક, ઈલેક્ટ્રિક પોલના કામો, ભાજપ કાર્યાલય બાજુમાં બાકી રહેલા કામો, ડ્રેનેજ, પાણી લીકેજ, વૃક્ષોનું ટ્રીમિંગ, બંધ શેરીઓમાં બસ પાર્કિંગ, પંચરત્ન પાર્કમાં ટીપીની નોટિસ, કોર્પોરેટરોને ફરિયાદ નિકાલના મેસેજ આપવાની પ્રક્રિયા, રસ્તા પર મકાન કામના માલના ઢગલા અને લક્ષ્મીનગરમાં ગંદકી અંગેની રજૂઆતો ધ્યાને લેવાઈ હતી.

તેવી જ રીતે વોર્ડ નં. ૧૦ માં નિર્મલા રોડ અને સત્યસાઈ રોડ પર પાણીની નવી લાઈન, સત્યસાઈ મેઈન રોડને સીસી રોડ બનાવવા, વોર્ડ નં. ૧૦ માં નવી મુખ્ય વોર્ડ ઓફિસ પુષ્કરધામ રોડ પર બનાવવા તેમજ નાના મવા રોડ પર પેટા વોર્ડ ઓફિસ બનાવવાની ચર્ચા હાથ ધરાઈ હતી. વોર્ડ નં. ૧૧ માં ધરમનગર અને ઓમનગરમાં નવી લાઈનમાં પાણી ન મળવાના કારણો શોધવા, મવડી સ્મશાન સાથે વોંકળાની દિવાલનું કામ, નાના મવા રોડ પર ટ્રાફિક સમસ્યા ઉકેલવા ટીપી રોડ ખોલવા, સર્કલ ડેવલપમેન્ટ, આંબેડકરનગર રોડ અને મવડી મેઈન રોડના દબાણો હટાવવા, સોસાયટીઓમાં ડીઆઈ પાઈપલાઈન કાર્યરત કરવા અને લાઈટિંગ પોલના કામો મુકાયા હતા.

વોર્ડ નં. ૧૨ માં સફાઈ અને ન્યુસન્સ પોઈન્ટ પર વિશેષ ધ્યાન આપવા, યોગ્ય સુપરવિઝન કરવા, પુનીતનગરથી વાવડી ગેટ સુધીના દબાણો હટાવવા, આસ્થા સોસાયટી રોડ પરનું દબાણ દૂર કરવા, ઉમિયા ચોક પાસે પ્લોટમાં ગેરકાયદે બાંધકામ અટકાવવા અને ૮૦ ફૂટ રોડ પર ડ્રેનેજ પ્રશ્નની સમીક્ષા કરાઈ હતી. વોર્ડ નં. ૧૩ માં કે. કે. કોટીચા તાલુકા શાળામાં પેવિંગ બ્લોક, ગુરુપ્રસાદ સોસાયટીમાં લાઈબ્રેરી સુવિધા, સ્વામિનારાયણ ચોક સર્કલ ડેવલપમેન્ટ, લાઈટિંગ, નવી વોર્ડ ઓફિસ, સ્વચ્છતા અને ફોગિંગના કામો આવરી લેવાયા હતા. વોર્ડ નં. ૧૫ માં દર મહિનાની ૧૫મી તારીખે બેઠક બોલાવીને કામોની સમીક્ષા કરવાનો નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત વોર્ડ નં. ૧૮ માં શિવભવાની ચોક પાસે ડ્રેનેજ લાઈન, રણુજા મંદિર પાસે બ્રિજ પહોળો કરવો, મંદિરના બ્રિજ સુધી વોંકળો પહોળો કરવો, પાણી આપવાનો સમય ફેરવવો, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું નિર્માણ કરવું, ડ્રેનેજ લાઈન રિપેરિંગ, બગીચાનો વિકાસ અને પડતર વિસ્તારમાં કામદારોની વ્યવસ્થા અંગે ચર્ચા થઈ હતી.આ તમામ ઠરાવો ચેરમેને મંજૂર કરીને જરૂરી કામો કરવા અને સ્થાનિક પ્રશ્નોનો ત્વરિત નિકાલ કરવા માટે સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપીને દરખાસ્ત મંજૂર કરી હતી.

